
# Veer Narmad
# South Gujarat University, Surat

**Re-accredited by NAAC with 'A' grade**




## દક્ષિણાયન

## Dakshinayan e-Newsletter


Vol.2, Issue. 16, September 2019
For Private Circulation Only





Dr. Shivendra Gupta
Vice-Chancellor

આપણી યુનિવર્સિટી
આપણું ગૌરવ



## યુનિવર્સિટી ન્યૂઝ

### ૫૦ મો વિશેષ સુવર્ણ જયંતી વાર્ષિક પદવીદાન સમારંભ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનો ૫૦મો વિશેષ સુવર્ણ જયંતી વાર્ષિક પદવીદાન સમારંભનું આયોજન તા. ૨૨–૦૮–૨૦૧૯ના રોજ યુનિવર્સિટીના પરિસર ખાતે કન્વેશન હોલમાં થયું હતું. આ વિશેષ પદવીદાન સમારંભમાં ૩૭૧૦ વિદ્યાર્થીઓને પદવીઓ એનાયત થઈ હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૫૦મા પદવીદાન સમારંભમાં વિદ્યાર્થીઓને શુભેચ્છા સંદેશ મોકલતા કહ્યું કે, 'શિક્ષણ કોઈપણ સમાજના વિકાસ અને પ્રગતિ માટે અગત્યનું છે. શિક્ષણનો મુખ્ય હેતુ જ્ઞાન આપવું અને તેની સાથે સંતુલિત વ્યકિતત્વવિકાસ હોવું જોઈએ. અમે યુવાઓને ઉચ્ચ શિક્ષા આપવા માટે પ્રતિબદ્ધ છીએ અને તેમાં પણ છોકરીઓ માટેનું શિક્ષણ મહત્વનું છે. અમારો મુખ્ય હેતુ શૈક્ષણિક સંસ્થાઓમાં શોધને પ્રોત્સાહન આપવાનો છે. પદવીદાન સમારોહ વીર નર્મદના વ્યકિતત્વથી પ્રેરણા લેવાનો એક યોગ્ય સમય છે. કવિ નર્મદે રાષ્ટ્રીયતા અને દેશભકિતથી પરિરચનાઓ લખી છે. એમણે સમાજમાં સુધારાઓ માટે અદભૂત કાર્ય કર્યુ છે.

કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તાએ પોતાનાં દીક્ષાંત પ્રવચનમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને શુભકામના આપતા કહ્યું કે, "અહીં ઉપસ્થિત દરેક સ્નાતકે મેળવેલી ડિગ્રી તેને કરેલાં સતત પરિશ્રમનું ફળ છે. કોઈ પણ લક્ષ્ય માનસિક વિકાસ કર્યા પછી પ્રાપ્ત કરી શકાય છે. ભારતમાં ઘણાં મહાન વ્યકિતઓ થયા છે. જેમને વેદ, પુરાણ અને જ્ઞાનનો ભંડાર હોય એવા પુસ્તકો લખ્યા છે. સંસ્કૃતિ અને જ્ઞાનના વિષયમાં ભારત હંમેશાથી જ અગ્રેસર રહ્યું છે. આપણે પહેલા પણ વિશ્વમાં અગ્રણી હતા અને વર્તમાનમાં પણ સમૃદ્ધ સંસ્કૃતિ અને જ્ઞાનમાં વિશ્વમાં અગ્રણી છીએ. આપણે સૌ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૧૯ ને હ્રદયપૂર્વક આવકારવા તૈયાર છીએ જે લગભગ ૪ વર્ષના લાંબાગાળાની મહેનતથી તૈયાર કરવામાં આવી છે."

કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તાએ કહ્યું કે, "હવે મેકોલેની શિક્ષણનીતિથી પ્રેરીત અભ્યાસક્રમોને બદલવાનો સમય આવી ગયો છે. આપણે પોતાના અભ્યાસક્રમો તૈયાર કરીશું, જે ભારતીયતાના રંગ અને સ્વાદથી પ્રભાવિત હશે. એના માટે યુનિવર્સિટીમાં હાલમાં બે દિવસીય કાર્યશાળા 'ન્યૂ સિલેબસ ફોર ન્યૂ ઈન્ડિયા'નું આયોજન કરવામાં આવ્યું હતું."

વધુમાં કુલપતિશ્રીએ કહ્યું કે, "વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પ્રથમ યુનિવર્સિટી છે, જયાં આ પ્રકારની કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતુ અને જયાં જુદા જુદા ક્ષેત્રોમાંથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના તજજ્ઞો હાજર રહ્યા હતા. આ અભ્યાસક્રમો આવતા વર્ષ ૨૦૨૦–૨૧થી યુનિવર્સિટીમાં અમલ થશે."

આ પ્રસંગે કાર્યકારી કુલસચિવ એ.વી.ધડુકે વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું કે, "જે જ્ઞાન અને સંસ્કાર તમને અહીંથી મળ્યા, એમને પૂર્ણ વિશ્વમાં ફેલાવો. આ એવું બીજ છે જેનું ફળ સૌને મળશે. આ દીક્ષાંત સમારંભમાં ૧૨ વિદ્યાશાખાના ૩૭૧૦ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. ઉપરાંત ૬૨ પી.એચડી.ની ડીગ્રી આપવામાં આવી હતી.

આ સમારંભમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, સેનેટ અને સિન્ડિકેટના સભ્યો, ડીનશ્રીઓ અને અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.


















## જ્ઞાનસંગમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પ્રાંગણમાં તા. ૦૬–૦૮–૨૦૧૯થી બે દિવસીય 'રાષ્ટ્રીય કાર્યશાળા' જ્ઞાનસંગમનું ઉદ્ઘાટન થયું હતું. કાર્યશાળાનો વિષય 'ન્યૂ સિલેબસ ફોર ન્યૂ ઈન્ડિયા' (નવા ભારત માટે નવા અભ્યાસક્રમ) હતો. જેમાં રાષ્ટ્રીય કક્ષાનાં વિવિધ વિષયના પ્રોફેસરો અને તજજ્ઞો હાજર રહ્યા હતા.

ઉદ્ઘાટન સમારંભમાં બીજ વક્તવ્ય હિમાચલ પ્રદેશ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. એ.ડી.એમ. બાજપેયી દ્વારા કરવામાં આવ્યું હતું. એમના વક્તવ્યમાં ડૉ. બાજપેયીએ એવી શિક્ષણ પ્રણાલી પર ભાર મૂક્યો જે પાશ્ચાત્ય વિચારધારાથી પ્રભાવિત નથી. પરંતુ ભારતીય શાસ્ત્રો ઉપર આધારિત છે. શિક્ષણનો ઉદ્દેશ સારા મનુષ્ય નિર્માણ કરવાનો છે. શૈક્ષણિક સંસ્થાએ નવા જ્ઞાનનું સર્જન કરવું જોઈએ.

ઉચ્ચશિક્ષણના બીજા મહત્વનાં ઉદ્દેશ્યો જણાવતાં એમણે કહ્યુ કે, શિક્ષણથી સામાજીક સમસ્યાઓનો ઉકેલ થવો જોઈએ. અત્યાર સુધી આપણી શિક્ષણ વ્યવસ્થા અંગ્રેજો, મુગલો અને સામ્યવાદી વિચારધારા દ્વારા પ્રભાવિત હતી. પરંતુ આપણને એવી શિક્ષણ પ્રણાલીની જરૂર છે, જે આપણા શાસ્ત્રો અને આપણી વિચારધારાથી પ્રભાવિત હોય. આપણે એવી વિચારધારાનું ઘડતર કરવું જોઈએ જેમાં દીર્ઘકાલીનતા, સાર્વભૌમિકતા, એકરૂપતા, અનુકૂળ સમાનતા, અહંકારહીનતા અને પરસ્પર સંપૂર્ણતા હોય તેમજ એકાત્મ હોય.

આ અવસર પર પોતાનાં વિચારો રજૂ કરતા શૈક્ષણિક સલાહકાર IGNOU નવી દિલ્હીના ડૉ. અમિત દશોરાએ નવા અભ્યાસક્રમમાં વિષયોની આત્માને જીવંત કરવા ઉપર ભાર મૂક્યો હતો. અભ્યાસક્રમ ઘડતર વખતે તજજ્ઞોએ વિદ્યાર્થી ઉપર કયા પ્રકારના ગુણોનું સર્જન થવું જોઈએ એની ચર્ચા કરી. શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં શારિરીક ક્ષમતા, માનસિક ક્ષમતા અને વિવેક બુદ્ધિનો વિકાસ થવો જોઈએ. ઉપરાંત તેમણે રાષ્ટ્ર માટે ગર્વ, સાહસ અને સંઘ ભાવના પર ભાર મૂક્યો હતો. શિક્ષણ પ્રાયોગિક, વ્યાપક, નિરંતર અને મૂલ્ય આધારિત હોવું જોઈએ. જીવંત વિશ્વવિદ્યાલય જીવંત રાષ્ટ્રનું નિર્માણ કરી શકે છે. એટલે આપણા વિશ્વવિદ્યાલયોમાં અસરકારક પાઠયક્રમની રચના કરવાની જરૂર છે.

કુલપતિશ્રી શિવેન્દ્ર ગુપ્તાએ સભાને પોતાનો સંદેશ મોકલ્યો હતો અને આધુનિક ભારતનાં નિર્માણ માટે આપણી શિક્ષા નીતિમાં ગુણાત્મક અને માત્રાત્મક પરિવર્તનની અગત્યતા ઉપર ભાર મૂક્યો હતો. ઉચ્ચશિક્ષણમાં નવીન પાઠયક્રમ લાગુ કરવો જોઈએ. ગુજરાતી વિભાગનાં પ્રા. ડૉ. ભરત ઠાકોરે પોતાના વિચારો રજૂ કરતા કહ્યું કે, આપણી શિક્ષણ પધ્ધતિએ મેકોલેની શિક્ષણ પધ્ધતિનો ત્યાગ કરીને આપણી પ્રાચીન ભારતીય સંસ્કૃતિથી પ્રેરણા લઈને નવા પાઠયક્રમની રચના કરવી જોઈએ.

આ કાર્યક્રમમાં મંચ ઉપર ડૉ. કનગાસભાપતિ પી., ડૉ. અરવિંદ કે જોશી, ડૉ. અમર જીવા લોચન ઉપસ્થિત રહ્યા હતા તથા યુનિવર્સિટીના સેનેટ સભ્ય તથા એડવોકેટ શ્રી મયુર ચૌહાણ, આઈક્યુએસી વિભાગના અધ્યક્ષશ્રીઓ, બી.ઓ.એસ.ના સભ્યો હાજર રહ્યા હતા. ઉપરાંત યુનિવર્સિટીના પ્રોફેસરો, શિક્ષકો અને સેનેટ સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. યુનિવર્સિટીના ઈ.ચા. કુલસચિવ એ.વી.ધડુકે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તાનો આભાર વ્યકત કરતાં કહ્યું કે, તેમની પ્રેરણાથી આ મહત્વની કાર્યશાળાનું આયોજન થયું છે.

સર પી. ટી. સાયન્સ કોલેજના પ્રોફેસર અને સિન્ડિકેટ સભ્ય ડૉ. કેતન દેસાઈએ કાર્યક્રમમાં આભાર વિધિ કરી હતી અને કાર્યક્રમનું સંચાલન અંગ્રેજી વિભાગના પ્રા. ડૉ. પરેશ જોશી અને ગુજરાતી વિભાગનાં પ્રા. ડૉ. ભરત ઠાકોરે કર્યું હતું.

ઉદ્ઘાટન સમારંભ પછી વિવિધ વિષયના તજજ્ઞોના માર્ગદર્શન હેઠળ કુલ ૧૦ વિષયના ૬૦ થી વધુ વિષય નિષ્ણાંતોએ વિષય મુજબ અલગ અલગ સ્થાન પર હાલના વર્તમાન પાઠયક્રમ વિશે ચર્ચા પરામર્શ કરી. ત્યારબાદ વિષય મુલ્યના મુલ્યાંકન બાદ સમૂહમાં તમામ વિષયોના તજજ્ઞો–નિષ્ણાંતોના સૂચનો અને પ્રશ્નોત્તરી યોજાઈ હતી. આ કાર્યશાળામાં બીજા દિવસે સવારે પુનઃ વિષયવાર જુથ ચર્ચા કરી ફાઈનલ નવા અભ્યાસક્રમ વિશે ચર્ચા કરાશે અને બપોર સુધીમાં નવા પાઠયક્રમનું સ્વરૂપ તૈયાર કરાશે. આ નવા અભ્યાસક્રમ વિદ્યાર્થીઓ અને સમાજ માટે ખૂબ ઉપયોગી નિવડશે.






















## જ્ઞાનસંગમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પ્રાંગણમાં યોજાયેલ બે દિવસીય કાર્યક્રમ "ન્યૂ સિલેબસ ફોર ન્યૂ ઈન્ડિયા" "જ્ઞાનસંગમ"નું સમાપન તા. ૭–૮–૨૦૧૯ના રોજ થયું.

કાર્યક્રમની શરૂઆત સમૂહ ચર્ચાથી થઈ. પૂર્ણ દિવસ ચર્ચા પછી કાર્યક્રમના અંતિમ ભાગમાં બધા વિષયોના અભ્યાસક્રમોમાં કરવામાં આવનાર ફેરફાર વિશે વાત કરવામાં આવી.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રીમતી સુષ્મા સ્વરાજને શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી. તેમના પ્રાસંગિક વક્તવ્યમાં સેનેટ સભ્ય શ્રી મયુર ચૌહાણે કહ્યુ કે, યુનિવર્સિટીના ઈતિહાસમાં પ્રથમ વાર આવો અભૂતપૂર્વ અને રસપૂર્ણ કાર્યક્રમ થયો છે. યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં આવશ્યક અને જરૂરી પરિવર્તન કરવામાં આવશે.

ડૉ. કનગસભાપતીએ કહ્યુ કે, જયારે મેં Business Economic Modelને તામિલનાડુમાં લોન્ચ કર્યુ, ત્યારે ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડયો. મેં સ્વયં સંપૂર્ણ ભારતમાં કોઈપણ યુનિવર્સિટીના સિન્ડિકેટ અને સેનેટ સભ્યોને આવી રીતે કામ કરતાં નથી જોયા.

ભારતીય શિક્ષામંડળના સચિવશ્રી મુકુલ કાનીટકરજીએ કહ્યુ કે, બે દિવસ બધાએ પરિશ્રમ કર્યુ એનું પરિણામ પણ મળશે અને કહ્યું કે, આ સમાપન નથી શુભારંભ છે. દેશમાં થનારી ક્રાંતિની શરૂઆત થઈ ચૂકી છે. તેમણે ચાણક્ય જેવા શિક્ષક બનવા શિક્ષકોને અહવાન કર્યો. તેમણે કહ્યું કે, સુત્રધાર બનો જે રીતે માળામાં ફક્ત મોતી જ દેખાય છે, સૂત્ર નથી દેખાતું. શિક્ષક જયારથી સરકાર પાછળ ભાગવા લાગ્યો ત્યારથી પતનની શરૂઆત થઈ. શિક્ષક બદલાશે તો રાષ્ટ્રમાં પુનરુત્થાન થશે. શિક્ષકોએ વર્ગખંડમાં પણ પરિવર્તન લાવવું જરૂરી છે અને શિક્ષક મુક્ત મનસ્ક હોવો જોઈએ.

કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિભાગના પ્રા. ડૉ. ભરત ઠાકોર અને અંગ્રેજી વિભાગના પ્રા. ડૉ. પરેશ જોશીએ કર્યુ હતું. અને તેમણે ગુજરાતના રાજયપાલ અને યુનિવર્સિટીના કુલાધિપતિ માનનીય શ્રી આચાર્ય દેવરત્નજી તેમજ કુલપતિશ્રી શિવેન્દ્ર ગુપ્તાનો સંદેશો સભા સમક્ષ વાંચ્યો હતો. માનનીય રાજયપાલે નવા અભ્યાસક્રમમાં પરિવર્તન માટે માર્ગદર્શન આપ્યું અને શુભેચ્છાઓ પાઠવી.

## એન.એસ.એસ.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પ્રાંગણમાં તા.૭–૮–૨૦૧૯ ના રોજ રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા "મહિલા સશક્તિકરણ પખવાડિયા"ની ઉજવણીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં શ્રીમતી વિધિ જી. ચૌધરી (I.P.S.અધિકારી), અને સુશ્રી પારૂલબેન પટેલ (એમ્પ્લોયમેન્ટ ડેવલપમેન્ટ ઓફિસર, ગુજરાત રાજય, સુરત) ઉપસ્થિત રહ્યા હતા.

તેમના પ્રાસંગિક વક્તવ્યમાં I.P.S. અધિકારી શ્રીમતી વિધિ જી. ચૌધરીએ કહ્યું હતું કે, "મહિલાઓની રાષ્ટ્ર નિર્માણમાં મહત્વની ભૂમિકા છે. મહિલાઓએ પોતાનું સ્વયં સશક્તિકરણ કરવું જોઈએ અને તેના માટે ચાર સૂત્રો મહત્વના છે. Be Aware (જાગૃત રહેવું) Be Alert (સાવધ રહેવું)Be Prepared (તૈયાર રહેવું) Be Confident (આત્મવિશ્વાસ) થી જીવવું. આ ચાર સૂત્રોથી મહિલા પોતાનું સશક્તિકરણ કરી શકે છે. સશક્તિકરણનો અર્થ એમણે સ્વતંત્ર નિર્ણય લેવાની ક્ષમતા છે એવું ઉમેર્યુ હતું.

તેમના પ્રાસંગિક વક્તવયમાં સુશ્રી પારૂલબેન પટેલે કહ્યું કે, "મહિલાઓ પહેલેથી જ સશક્ત છે. ફક્ત એમને પોતાની જાતને ઓળખવાની જરૂર છે. અત્યારે મહિલાઓ બીજાં પર નિર્ભર રહે છે. પણ એમણે પોતે નિર્ણયો લેવા જોઈએ અને આગળ વધવું જોઈએ. મહિલાઓએ પોતાની આજુબાજુ રેશમના કીડાની જેમ જાળ બનાવી લીધી છે. જે વાતથી મહિલાઓને ડર લાગે છે. તેમનો સામનો કરીને ડરને દૂર કરવો જોઈએ. પોતાના જીવનમાંથી દ્રષ્ટાંત આપીને એમણે ઉપસ્થિત વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડયું હતું."

આ કાર્યક્રમમાં કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તાએ પોતાના સંદેશમાં મહિલાઓને શુભકામનાઓ આપી હતી અને પ્રગતિ માટે તેમના યોગદાનના મહત્વ પર ભાર મૂકયો હતો.

આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના કાર્યકારી કુલસચિવ એ.વી.ધડૂકે ઉપસ્થિત વિદ્યાર્થીઓને આશિર્વચન આપ્યા હતા. રાષ્ટ્રીય સેવા યોજનાના કો. ઓર્ડિનેટર અને ગુજરાતી વિભાગના પ્રા. ડૉ. ભરતભાઈ ઠાકોરે પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં મહિલાઓએ સમાજમાં નેતૃત્વ લેવાની અગત્યતા

પર ભાર મૂકયો હતો. તેમણે ભારતીય સંસ્કૃતિ, કુટુંબ વ્યવસ્થા અને સંસ્કાર પરંપરામાં આવેલી ઊણપ અને ભારત પર આક્રમણો અને ગુલામીની પરિસ્થિતિએ ભારતીય મહિલાઓના આત્મબળને તોડવાના પ્રયત્ન કર્યા હતા.

આ કાર્યક્રમમાં આભાર વિધિ પ્રા.ભરતભાઈ ઠાકોરે કરી હતી. કાર્યક્રમમાં યુનિવર્સિટીના સભ્યો, અધ્યાપકશ્રીઓ, વડાશ્રીઓ તેમજ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર હતા. કાર્યક્રમનું સંચાલન યુનિવર્સિટીના રાષ્ટ્રીય સેવા યોજનાના સહાયક સંયોજક શ્રી પ્રકાશચંદ્ર દ્વારા કરવામાં આવ્યું હતું.












## વિશ્વ આદિવાસી દિવસ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પ્રાંગણમાં તા. ૦૯–૦૮–૨૦૧૯ના રોજ 'વિશ્વઆદિવાસી દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે કુલપતિશ્રી શિવેન્દ્ર ગુપ્તા અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત હતા. મુખ્ય અતિથિ તરીકે સુરક્ષા મંત્રાલયના સંયુકત નિયામક, શ્રી લક્ષ્મણસિંહ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રાંત પ્રચારક શ્રી યશવંતસિંહ ચૌધરી હાજર હતા.

તેમના પ્રાસંગિક વકતવ્યમાં સુરક્ષા મંત્રાલયનાં સંયુકત નિયામક શ્રી લક્ષ્મણસિંહે જણાવ્યું હતું કે, આજે જયારે દેશ અને દુનિયામાં દષ્ટિકોણની લડાઈ ચાલી રહી છે ત્યારે વિશ્વઆદિવાસી દિવસની ઉજવણી પાછળના વૈશ્વિક અને રાષ્ટ્રીય દષ્ટિકોણને પણ સમજવાની જરૂર છે. તેઓએ અમેરિકામાં ઉજવાતા 'કોલંબસ ડે' ને ટાંકીને જણાવ્યું હતું કે, અમેરિકામાં ૧૯૯૨ સુધી જે રીતે ત્યાંના મૂળ નિવાસી આદિવાસીઓને મોતને ઘાટ ઉતારવામાં આવતા હતાં તેની સામે જયારે ત્યાંના આદિવાસી લોકોએ બળવો કર્યો, તેમના ઉપર થયેલા અત્યાચારોને ભુલાવી દેવા માટે વિશ્વઆદિવાસી દિવસની ૯ ઓગષ્ટે ઉજવણી શરૂ થઈ હતી. ભારતના સંદર્ભમાં તેઓએ જણાવ્યું હતું કે, સસ્તી દવાઓ અને શિક્ષણના માધ્યમથી આદિવાસીઓનું ખ્રિસ્તીકરણ થયું. આદિવાસી ક્ષેત્રમાંથી જે લોકો વિસ્થાપિત થયા છે તેઓનું પુનઃસ્થાપન યોગ્ય રીતે નથી થયું. જંગલમાં વસતાં આદિવાસીઓ આજે બાંધકામક્ષેત્રમાં કામ કરવા શહેરોમાં સ્થળાંતર કરે છે, જેમને અટકાવવા ઉપર ભાર મૂકયો હતો. જંગલ વિસ્તારમાંથી જો સ્થળાંતર વધશે તો આદિવાસી ક્ષેત્રોમાં નકસલી પ્રવૃત્તિ અને બિનઆદિવાસીઓના એજન્ટો દ્વારા તેમની જમીનો ગુમાવશે. આદિવાસીઓની જીવનશૈલીમાંથી ઘણું શિખવા જેવું છે. ભારતના ૯ કરોડ આદિવાસીઓ વનોમાં વસે છે અને તેમના પ્રયાસોથી આપણા ૨૦ % વનોની સુરક્ષા થાય છે. ભારતીયો પાશ્ચાત્ય સંસ્કૃતિથી પ્રભાવિત હોવાથી દેશની મૂળભૂત સંસ્કૃતિ લુપ્ત થઈ રહી છે, જે આપણા માટે દુઃખની વાત છે.

કાર્યક્રમમાં ગુજરાત પ્રાંતના સહ કાર્યવાહક શ્રી યશવંતજીએ કહ્યું કે આદિવાસીઓના માટે લાગુ કરવામાં આવેલા પેસા એકટ અને કોમ્યુનિટી ફોરેસ્ટ રાઈટ એકટનું અમલીકરણ સમયસર થયું નથી. જે અંગેની લોકોમાં જાગૃતિ લાવી અને તે અંગેની માંગ કરતા થાય તે અત્યંત જરૂરી છે. ભારતના બંધારણ દ્વારા દેશના દરેક સમાજને અધિકારો આપવામાં આવ્યા છે, જે ઘણા દેશોના બંધારણમાં નથી. ભારતવાસિયો વસુદૈવ કુટુમ્બકમની વિચારધારામાં માને છે.

કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તાએ તેમના પ્રાસંગિક વકતવ્યમાં જણાવ્યું હતું કે, "આગામી સમયમાં યુનિવર્સિટીમાં આદિવાસીઓની સમસ્યાઓ ઉપર પરિસંવાદ યોજાય એ જરૂરી છે. આદિવાસી જનજાતિના લોકો પ્રેમ અને સહકારથી જીવન જીવવામાં માને છે." કાર્યક્રમનું સંચાલન યુનિવર્સિટીના ગ્રામ અભ્યાસ વિભાગના અધ્યક્ષ ડૉ. વિપુલ સોમાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં યુનિવર્સિટીના અધ્યાપકશ્રીઓ, વડાશ્રીઓ તેમજ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર હતા.













## એથ્લેટીક સિન્થેટીક ટ્રેક

ગુજરાત રાજયના યુવાનો આર્મી/એરફોર્સ/નેવી/ અર્ધલશ્કરી દળો/પોલીસ ફોર્સમાં જોડાઈ શકે તે માટે ઉમેદવારોને ભરતી પૂર્વ શારીરિક તેમજ માનસિક ક્ષમતા કસોટી માટેની કુલ–૩૦ (ત્રીસ) – ૨૪ કલાકની નિવાસી તાલીમ આપવાની જોગવાઈ અમલીકૃત છે. જે અન્વયે વર્ષ: ૨૦૧૯–૨૦૨૦ દરમ્યાન સુરત જીલ્લામાં કુલ–૯૦ (નેવું) ઉમેદવારોને આ પ્રકારની તાલીમ આપવા અર્થે કચેરી દ્વારા નિયુકત માનદ કોર્ડિનેટરની નિગરાની હેઠળ સુરત જીલ્લામાં સુરત ગ્રામ્ય પોલીસ હેડ કવાર્ટર–ઘલુડી ખાતે ચલાવવામાં આવે છે. શ્રમ અને રોજગાર વિભાગ, ગુજરાત રાજય, રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર સંચાલિત મદદનીશ નિયામક રોજગારની કચેરી, નાનપુરા, સુરતના પત્ર મળેલ છે. આ પત્રના સંદર્ભમાં આ ભરતી રેલીમાં ગુજરાતના યુવાનો વધુ પ્રમાણમાં પસંદગી પામે તે હેતુસર કચેરી દ્વારા આયોજીત નિવાસી તાલીમ વર્ગમાં તાલીમાર્થીઓ શારીરિક કસોટી માટે તાલીમ મેળવે એ માટે યુનિવર્સિટીનું સિન્થેટીક એથ્લેટિક ગ્રાઉન્ડ ફાળવવા માટે માંગણી કરેલ હતી. યુનિવર્સિટીના સહયોગ દ્વારા વધુમાં વધુ તાલીમાર્થીઓ ભાગ લે તે સંદર્ભે કુલપતિશ્રીની મંજૂરી અન્વયે તેમને એથ્લેટીક સિન્થેટીક ટ્રેક તાલીમ મેળવવા માટે વિના મૂલ્યે એક મહિના માટે ફાળવવામાં આવ્યો છે.

## કવિ નર્મદ જયંતી: વ્યાખ્યાન



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પ્રાંગણમાં તા. ૨૩–૦૮–૨૦૧૯ના રોજ કવિ નર્મદની ૧૮૬મી જયંતી નિમિત્તે વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય અતિથિ તરીકે ગુજરાત વિદ્યાપીઠના ગુજરાતી વિભાગના પ્રોફેસર અને કવિયત્રી ડૉ. ઉષાબેન ઉપાધ્યાય હતા. આ અવસરે કુલપતિશ્રી ડૉ.શિવેન્દ્ર ગુપ્તા અધ્યક્ષ સ્થાને હતા.

કુલપતિ શ્રીશિવેન્દ્ર ગુપ્તાએ પ્રાસંગિક પ્રવચનમાં કહ્યુ કે, "આપણે બધા આજે બીજા વ્યક્તિએ બતાવેલા માર્ગ પર ચાલી રહ્યા છે. પરંતુ આપણે પોતાનો માર્ગ પોતે બનાવવો જોઈએ."

કાર્યક્રમના મુખ્ય વકતા પ્રો. ડૉ. ઉષાબેન ઉપાધ્યાયે પોતાના વકતવ્યમાં કહ્યું કે, પ્રાચીન સમયમાં ભારતની મહિલાઓનું ઉજ્જ્વળ ચિત્રણ હતું. મધ્યકાલીન સમયમાં થનારા સતત આક્રમણોના કારણે સ્થિતિ બદલાઈ ગઈ હતી. આ બાબત પર ધ્યાન આપવાવાળા કવિ નર્મદ હતા. કવિ નર્મદ જાગૃત ચેતનાના કવિ હતા. એમની રચનાઓમાં યુગધ્વની અને યુગચેતના જોવા મળે છે. એમણે તે સમયની સમસ્યાઓ વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો હતો. નર્મદ સુધારા યુગના અગ્રણી તરીકે ઓળખાય છે. નર્મદે લોકજાગૃતિ માટે "ડાંડિયો" નામનો સમાચાર પત્ર શરૂ કર્યો હતો. એમના કાવ્યોમાં શિક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો હતો. 'હું કલમના ખોળે છું' તે માત્ર નર્મદ જ કહી શકે છે. એમની રચનાઓમાં સૌથી વધુ વીરરસ અને ઓજસ્વિતા છે.

જયારે પણ અમને ખોટું નજરે ચડતું ત્યારે એ એના સામે અવાજ ઉઠાવતાં હતા. એમની લખેલી રચનાઓમાં ચેતનાઓનો સંસ્કાર છે. સમાજે તમામ પ્રકારની લલિતકળાઓમાં રૂચી લેવી પડશે. ડૉ ઉષાબેન ઉપાધ્યાયે નર્મદનાં ગુણોની વાત કરતાં કહ્યું કે, નર્મદ ત્રણ ભાષાઓના જાણકાર હતા. તેમનું લેખન તાર્કિક હતું. નર્મદે ખોટી પરંપરા સામે લડત લડી. પ્રો. ઉષાબેન ઉપાધ્યાયે સુરતના ભવ્ય ભૂતકાળ અને વર્તમાનની વાત કરતાં સાહિત્યકારો ભગવતીકુમાર શર્મા અને જયંત પાઠક દ્વારા સાહિત્યમાં થયેલ યોગદાનનો ઉલ્લેખ કર્યો. એમણે વધુમાં વધુ કહ્યું કે, નર્મદ પહેલા ગુજરાતી કવિ હતા, જેમણે ભૂમિને માતા કહીને સંબોધ્યું.

કાર્યકારી કુલસચિવશ્રી એ.વી.ધડૂકે પોતાના પ્રવચનમાં કહ્યું કે, યુનિવર્સિટી આ વર્ષે ત્રણ દિવસીય નર્મદ જયંતી ઉજવી રહી છે. કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિભાગના પ્રા. ભરત ઠાકરે કર્યું હતું.














## ફીટ ઈન્ડિયા મુવમેન્ટ




તા. ૨૯–૦૮–૨૦૧૯ના રોજ માન. વડાપ્રધાનશ્રી દ્વારા "ફીટ ઈન્ડિયા મુવમેન્ટ"નું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા "ફીટ ઈન્ડિયા મુવમેન્ટ" અંતર્ગત યુનિવર્સિટી કક્ષાએ આયોજન કરવા જણાવેલ તે સંદર્ભે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં તા. ૨૯–૦૮–૨૦૧૯નાં રોજ યુનિવર્સિટીનાં સિન્થેટીક ટ્રેક પર સાંજે ૪:૩૦ કલાકે "ફીટ ઈન્ડિટા મુવમેન્ટ"નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પ્રસ્તુત કાર્યક્રમમાં યુનિવર્સિટીનાં કુલપતિશ્રી ડૉ.શિવેન્દ્ર ગુપ્તાએ ફલેગ ડાઉન કરી કાર્યક્રમને શરૂ કર્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત ૫૦૦૦ મીટર રન વોક કરી પ્રસ્તુત કાર્યક્રમમાં ઉપસ્થિત સભ્યોએ શારીરિક સજ્જતાની કુલપતિશ્રીએ અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત યુનિવર્સિટીનાં ઈ.ચા.કુલસચિવશ્રી, યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગનાં નિયામકશ્રી, યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગનાં વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, કોચશ્રીઓ, વિવિધવિભાગનાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ તથા યુનિવર્સિટીનાં વહીવટી કર્મચારીઓએ મોટી સંખ્યામાં હાજર રહી ભાગ લીધો હતો.







## કોલેજ ન્યૂઝ

### જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

#### સ્પર્ધા

૧. જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૧૨ જુલાઈ, ૨૦૧૯એ આંતરશાળા સંસ્કૃત શ્લોક પઠન સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મુખ્ય મેહમાન તરીકે લાયન્સ કલબ ઓફ સુરત નોર્થના પ્રમુખ–લાયન ધનવતભાઈ પંડયા, મંત્રી હરિકૃષ્ણ ચાંપાનેરીયા, લાયન નરેશ પારેખ, લાયન કીરીટ શાહ, લાયન યોગેશભાઈ દેસાઈ મુખ્ય મેહમાન તરીકે હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કર્યા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી દિલીપભાઈ પુરોહીત અને શ્રી સંજયભાઈ અંકલેશ્વરીયા હાજર રહયા હતા.

સમારંભની શુભ શરૂઆત વિદ્યાર્થીની કુ.દર્શના ટાંક અને માનસી સોલંકીએ પ્રાર્થનાથી કરી હતી. પ્રિ. ડૉ. કે.એન. ચાવડાએ મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કર્યુ હતું. પરિચય પ્રો. એન.બી.બારીયાએ કરાવ્યો હતો. આભાર વિધિ ડૉ. મેહુલ બી. શાહે કરી હતી. સમગ્ર વાતાવરણ આનંદ–ઉલ્લાસ પૂર્ણ રહયુ હતુ. કુલ ૨૭ વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમ સઢિયારો ઈંગ્લીશ મિડયમ સ્કુલના તક્ષા જૈને, દ્રિતિય ક્રમ સઢિયારો ઈંગ્લીશ મિડીયમ સ્કુલના સ્નેહા મિશ્રા અને શ્રીમતી એસ.એચ.ગજેરા સ્કુલના પૃથ્વી પદસલા તેમજ તૃતિય ક્રમે એસ.પી.બી. હાઈસ્કુલના નુપુર શાહ અને શ્રીમતી એસ.એચ.ગજેરા સ્કુલના હરસિધ્ધી ઉનાગર વિજેતા જાહેર થયા હતા.





૨. જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમ તા. ૧૬ જુલાઈ, ૨૦૧૯એ આંતર શાળા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મુખ્ય મહેમાન તરીકે વાઈસ પ્રેસિડેન્ટ, ટ્રેઝર અને સેક્રેટરી લાયન જગદીશભાઈ ફીટર, લાયન મહેશ ચાંપાનેરી, લાયન સતીષ કેનીઆ–મેમ્બર, લાયન રાજેન્દ્ર પ્રસાદ રાવલ–મેમ્બર, લાયન ભાવનાબેન ગાંધી–ભૂતપૂર્વ ટ્રેઝર મુખ્ય મહેમાન તરીકે હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કર્યા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી અજીતસિંહ ખેર અને શ્રી ગીરીશભાઈ ચૌહાણ હાજર રહયા હતા.

સમારંભની શુભ શરૂઆત વિદ્યાર્થીની કુ. પ્રિયંકા યાદવે પ્રાર્થનાથી કરી હતી. પ્રિ. ડૉ. કે.એન.ચાવડાએ મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કર્યુ હતું. પરિચય પ્રા. ઝંખના એલ. પરમારે કરાવ્યો હતો. આભાર વિધિ ડૉ. મેહુલ બી. શાહે કરી હતી. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યુ હતું. કુલ ૩૨ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમા પ્રથમ ક્રમ સર્વોદયા ઇંગ્લીશ મિડીયમ સકુલના જયોતી રાજપુત તેમજ તૃતિય ક્રમે એસ.પી.બી હાઈસ્કુલના જીગર એમ. ગોહીલ અને સ્વામીનમરાયણ ગુરુકુલ સ્કુલના ધ્રુવ વિરડીયા વિજેતા થયા હતા.



૩. જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ અમરોલીમાં

તા. ૧૮ જુલાઈ, ૨૦૧૯એ આંતર કોલેજ પ્રાર્થના સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કોલેજો વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મુખ્ય મહેમાન તરીકે લાયન્સ કલબ ઓફ સુરત નોર્થના વાઈસ પ્રેસિડેન્ડ લાયન યોગેશ દેશાઈ, લાયન રજનીકાંત મોદી, લાયન રાજેન્દ્ર રાવલ, લાયન મોનાબેન દેસાઈ, લાયન ભાવનાબેન દેસાઈ મુખ્ય મેહમાન તરીકે હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કર્યા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી દિપ્તીબેન વૈધ, શ્રી આરોહીબેન સુમેસરા હાજર રહ્યા હતા.

સમારંભની શરૂઆત વિદ્યાર્થિની કુ. નંદિની ચૌહાણએ પ્રાર્થનાથી કરી હતી. પ્રિ. ડૉ. કે. એન.ચાવડાએ મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કર્યુ હતું. પરિચય પ્રા.આ.ડી.ઝાએ કરાવ્યો હતો. આભાર વિધિ ડૉ. કૃતિ પટેલે કરી હતી. સમગ્ર વાતાવરણ આનંદ–ઉલ્લાસ પૂર્ણ રહ્યું હતું. કુલ ૨૧ વિદ્યાર્થીઓએ ઉત્ત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમ સાર્વજનિક કોલેજ ઓફ પરફોમીગ આર્ટ્સના તનય ગામીત, દ્રિતિય ક્રમ શ્રી એસ.વી.પટેલ કોલેજના પ્રશાંતસિંહ અને વી.એલ શાહ કોલેજ ઓફ કોમર્સના કેવલ જેઠવા તેમજ તૃતિય ક્રમે જે. ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજના શિવાંગ ગોસાઈ અને શાહ એન.એચ કોમર્સ કોલેજ વલસાડના ગોકુલ અલહારિયા વિજેતા જાહેર થયા હતા.





૪. જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ અમરોલીમાં તા. ૨૦ જુલાઈ, ૨૦૧૯એ આંતર કોલેજ સલાડ સુશોભન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કોલેજો વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મુખ્ય મહેમાન તરીકે લાયન્સ કલબ ઓફ સુરત નોર્થના પ્રમુખ–લાયન ધનવતભાઈ પંડયા, લાયન રમેશભાઈ લિનેશવાલા, લાયન મહેશ ચાંપાનેરીયા, લાયન કૃપાબેન પુરોહિત મુખ્ય મહેમાન તરીકે હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કર્યા હતાં. સ્પર્ધામાં નિર્ણાયક તરીકેશ્રી મેઘનાબેન વ્યાસ, શ્રીમતી જિજ્ઞાસાબેન પટેલ હાજર રહ્યા હતા.

સમારંભની શરૂઆત વિદ્યાર્થિની કુ.અંજના ગોહીલે પ્રાર્થનાથી કરી હતી. પ્રિ. ડૉ. કે.એન.ચાવડાએ મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કર્યુ હતું. પરિચય અને આભાર વિધિ પ્રા. હેમા ડી. દવેએ કરી હતી. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. કુલ ૧૪ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમા પ્રથમ ક્રમ જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના પુજા નારયણભાઈ કોરાત, દ્રિતિય ક્રમ શ્રી એસ.આર.પટેલ બી.એડ.કોલેજ અનીતા, કીમના ચૈતાલી એમ. રાઠોડ તેમજ તૃતિયક્રમે વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ.ના સ્મીતલબેન આર.પટેલ વિજેતા જાહેર થયા હતા.






૫. જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૨૨ જુલાઈ, ૨૦૧૯એ શ્રી આર.એમ.દેસાઈ પુરસ્કૃત આંતર કોલેજ પાદ પૂર્તિ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મુખ્ય મહેમાન તરીકે લાયન શ્રી ધન્વંત પંડયા, લાયન શ્રી પ્રધ્યુમન દેસાઈ, લાયન શ્રી નિતિનભાઈ દેસાઈ મુખ્ય મહેમાન તરીકે હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી ધ્વનિલ પારેખ હાજર રહયા હતા.

સમારંભની શરૂઆત વિદ્યાર્થિની પ્રિયંકા યાદવે પ્રાર્થનાથી કરી હતી. પ્રિ. ડૉ. કે.એન.ચાવડાએ મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કર્યુ હતું. પરિચય પ્રો. ડૉ. બી.એન. ઢીમ્મરે કરાવ્યો હતો. આભારવિધિ પ્રો. વી.એમ.ચૌધરીએ કરી હતી. કુલ ૧૨ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડના હિમાની જી. રાવલ, દ્વિતીય ક્રમે શ્રી જે.બી.ધારૂકાવાલા મહિલા આર્ટ્સ કોલેજના કાજલ બી. પરમાર તેમજ તૃતીય ક્રમે જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના નેહા વી. પ્રજાપતિ વિજેતા જાહેર થયા હતા.





૬. જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ અમરોલીમાં તા. ૨૪ જુલાઈ, ૨૦૧૯એ આંતર કોલેજ રંગોલી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં વિવિધ કોલેજો વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મુખ્ય મહેમાન તરીકે લાયન રાવેન્દ્ર રાવલ, લાયન દિનેશ જરીવાલા, લાયન ધનવંત પંડયા, લાયન હરીકૃષ્ણ ચાંપાનેરિયા મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા.

સમારંભની શરૂઆત વિદ્યાર્થિની કુ. દર્શના ટાંકે પ્રાર્થનાથી કરી હતી. પ્રિ. ડૉ. કે.એન.ચાવડાએ મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કર્યુ હતું. પરિચય અને આભાર વિધિ ડૉ. ઝંખના પરમારે કરી હતી. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. કુલ ૨૮ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમા પ્રથમ ક્રમ પાયોનિયર હોમયોપેથિક કોલેજ વડોદરાના વિશ્વા મોધિઆ, દ્રિતિય ક્રમ શાહ એન.એચ.કોમર્સ કોલેજના સ્નેહા ભાનુશાલી અને વીનતા વિશ્રામ વુમેન્સ કોલેજના શાંતીદેવી પાલ, તેમજ તૃતિય ક્રમે જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજના વિધિ જી.માડંકા એન.એચ.કોમર્સ કોલેજના ખુશ્બુ એમ. ઓઝા વિજેતા જાહેર થયા હતા.





૭. જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ અમરોલીમાં તા. ૨૬ જુલાઈ, ૨૦૧૯એ શ્રી આર.એમ.દેસાઈ આંતર કોલેજ કાવ્ય પઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કોલેજો વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મુખ્ય મહેમાન તરીકે લાયન શ્રી રાજેન્દ્રભાઈ રાવલ, લાયન શ્રી ધન્વંતભાઈ પડયા, લાયન શ્રી દિનેશભાઈ જરીવાલા, સુર્યપુત્રી કલબના પ્રેસિડન્ટ મોના સોલંકી મુખ્ય મહેમાન તરીકે હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકેશ્રી ડૉ. ધ્વનિલ પારેખ, શ્રીમતી મીનાબેન રાણા, શ્રીમતી આશાબેન પારેખ હાજર રહ્યા હતા.

સમારંભની શરૂઆત વિદ્યાર્થિની કુ. મહેતા હેતલે પ્રાર્થનાથી કરી હતી. પ્રિ. ડૉ. કે.એન.ચાવડાએ મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કર્યુ હતું. પરિચય ડૉ. કૃતિ એ. પટેલે કરાવ્યો હતો. આભાર વિધિ શ્રી ઈબ્રાહીમ પટેલે કરી હતી. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતં. કુલ ૩૩ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમા પ્રથમ ક્રમ એસ. બી. ઈંગ્લિશ મિડિયમ કોલેજના હરખ બી. દવે, દ્રિતિય ક્રમ એમ.ટી.બી. આર્ટ્સ કોલેજના સવાઈ એ.પંકજ અને જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ–સેલ્ફ ફાઈનાન્સના મહેતા હેતલ વાય. તેમજ તૃતિય ક્રમે બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડ રાવલ હિમાની જે. અને વી.ન.દ.ગુ.યુ.ના ગુજરાતી વિભાગના સોલંકી જીગ્નેશ ડી. વિજેતા જાહેર થયા હતા.









૮. જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૨૯ જુલાઈ, ૨૦૧૯એ આંતર કોલેજ પોસ્ટર મેકીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મુખ્ય મહેમાન તરીકે લાયન શ્રી કમલ અગાલ, લાયન શ્રી કમલેશ સાવલિયા, લાયન શ્રી ડૉ. મયંક સોઢા, પ્રા. ચાંદનીબેન જોષી હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી અજીતસિંહ ખેર, શ્રી કૃણાલ ઝવેરી હાજર રહયા હતા.

સમારંભની શુભ શરૂઆત વિદ્યાર્થિની માનસી સોલંકીએ પ્રાર્થનાથી કરી હતી. પ્રિ. ડૉ. કે.એન.ચાવડાએ મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કર્યુ હતું. પરિચય પ્રો. રોહિત ડી. ચૌહાણે કરાવ્યો હતો. આભારવિધિ પ્રો. મેઘા બી. મહેતાએ કરી હતી. કુલ ૨૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમ વનિતા વિશ્રામ કોલેજ ઓફ કોમર્સના ધારા આર.રાણા, દ્વિતીય ક્રમ ડી.આર.બી. એન્ડ બી.સી.પી. બી.બી.એ. કોલેજના હિનલ એમ.શાહ અને શાહ એન.એચ.કોમર્સ કોલેજના શિવાની આર. પ્રજાપતિ, તેમજ તૃતીય ક્રમે જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના અપેક્ષા એ. કલાવડિયા અને પુજા એચ. સોલંકી વિજેતા જાહેર થયા હતા.

૯. જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૧ ઓગસ્ટ, ૨૦૧૯એ આંતર કોલેજ બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મુખ્ય મહેમાન તરીકે પ્રા. જૈમિન શુકલા, લાયન શ્રીચિરાગ સિધ્ધપુરિયા હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી કેતનભાઈ પટેલ અને શ્રીનિતીનભાઈ સોની હાજર રહયા હતા.

સમારંભની શુભ શરૂઆત વિદ્યાર્થિની દુધાત્રા દિપએ પ્રાર્થનાથી કરી હતી. પ્રિ. ડૉ. કે.એન.ચાવડાએ મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કર્યુ હતું. પરિચય પ્રા. કે.એસ. સુતરીયાએ કરાવ્યો હતો. આભારવિધિ પ્રો. ડૉ. મેહુલ બી. શાહે કરી હતી. કુલ ૨૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમ વનિતા વિશ્રામ વુમન્સ કોલેજના હિરલ આર. સુચક, દ્વિતીય ક્રમે એસ.વી. પટેલ કોલેજ એન્ડ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ બી.બી.એ.ના સાગર આર. પરમાર, તૃતીય ક્રમે જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના વિવેક એસ. રૂપાણી, ચોથા ક્રમે જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના કિર્તન આર. પ્રજાપતિ, પાંચમા ક્રમે સાસમા ઈંગ્લિશ મિડીયમ કોમર્સ કોલેજના ડિમ્પલ લોઢા વિજેતા જાહેર થયા હતા.



૧૦. જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૭–૮–૨૦૧૯ના રોજ આંતર કોલેજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મુખ્ય મહેમાન તરીકે લાયન મેહુલ બી.શાહ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી આશાબેન પારેખ એસ.પી.હાઈસ્કુલ અમરોલી, શ્રી યોગેશભાઈ ગામિત કે.એન. એન્ડ એમ.પી.સાર્વજનિક વિદ્યાલય–અમરોલી હાજર રહ્યા હતા.

સમારંભની શુભ શરૂઆત વિદ્યાર્થીની ટાંક દર્શના એલ. એ પ્રાર્થનાથી કરી હતી. પ્રિ. ડૉ. કે.એન.ચાવડાએ મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કર્યુ હતું. પરિચય પ્રા. ડૉ. બી.એન.ઢીમ્મરએ કરાવ્યો હતો. આભારવિધિ પ્રા. કે.એન.સાવલિયાએ કરી હતી. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. કુલ ૩૭ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમ બી.કે.એમ. સાયન્સ કોલેજ–વલસાડના શિવાની જે. પટેલ, દ્વિતીય ક્રમે એસ.પી.બી. ઈંગ્લિશ મિડિયમ સ્કુલના સંસ્કૃતિ કે. યાદવ, તૃતીય ક્રમે આર.વી.પટેલ કોલેજના નૈમિશા બી. બારિયા, ચોથા ક્રમે શાહ એન.એચ.કોલેજ વલસાડના ઈશા સરાયા, પાંચમા ક્રમે જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના દર્શના એલ. ટાંક વિજેતા જાહેર થયા હતા.



૧૧. જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૯–૮–૨૦૧૯ના રોજ આંતર કોલેજ પુસ્તક પરિચય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મુખ્ય મહેમાન તરીકે લાયન શહેઝાદ બોડિલા અને લાયન મેહુલ બી.શાહ મુખ્ય મહેમાન તરીકે હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી જાવેદભાઈ કરોડિયા, આશાબેન પારેખ હાજર રહ્યા હતા.

સમારંભની શુભ શરૂઆત વિદ્યાર્થીની પ્રિયંકાએ પ્રાર્થનાથી કરી હતી. પ્રિ. ડૉ. કે.એન.ચાવડાએ મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કર્યુ હતું. પરિચય પ્રા. ડૉ. કનુ પટેલએ કરાવ્યો હતો. આભારવિધિ પ્રા. શ્વેતા પી. પટેલે કરી હતી. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. કુલ ૨૩ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમ જે.બી.ધારૂકાવાલાના હસ્તી સી. રાદડીયા, દ્વિતીય ક્રમે જે.ઝેડ.શાહ, અમરોલી કોલેજના મમતા એમ. ડાંગોદરા અને વી.ટી.ચોકસી.લો કોલેજના હેતસ્વી એ. મહેતા અને તૃતીય ક્રમે વી.ન.દ.ગુ.યુ. ગુજરાતી વિભાગના જીગ્નેશ ડી. સોલંકી અને સુટેક્ષ બેંક કોલેજના હેન્સી ધોરાજીયા વિજેતા જાહેર થયા હતા.



૧૨. જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૧૦–૦૮–૨૦૧૯ના રોજ આંતર કોલેજ મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મુખ્ય મહેમાન તરીકે લાયન પ્રા. ડૉ. મેહુલ બી. શાહ, પ્રા. માર્ટિનભાઈ પટેલ અને લાયન પ્રા. કમલેશભાઈ સાવલિયા હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી હરિનભાઈ દલાલ, આભાબેન ભગત હાજર રહ્યા હતા.

સમારંભની શુભ શરૂઆત વિદ્યાર્થીની પ્રિયંકા યાદવે પ્રાર્થનાથી કરી હતી. પ્રિ. ડૉ. કે.એન.ચાવડાએ મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કર્યુ હતું. પરિચય પ્રા. નેહા વી.

ઉપાધ્યાયે કરાવ્યો હતો. આભારવિધિ પ્રા. ડૉ. ઝંખના પરમારે કરી હતી. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. કુલ ૨૯ વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમ જે.ઝેડ.શાહ, અમરોલી કોલેજના અમિષા ખૂંટ, દ્વિતીય ક્રમે વનિતા વિશ્રામ વુમન્સ કોલેજના અંકિતા એસ.ચાવડા અને એસ.વી.પટેલ કોલેજ ઓફ સી.એસ. એન્ડ બી.એમ.ના બીના વી. મણિયા, તૃતીય ક્રમે જે.ઝેડ.શાહ, અમરોલી કોલેજના સંઘાણી જાન્વી બી. અને એસ.એલ.બી ધારૂકાવાલા મહિલા આર્ટસ કોલેજના ચાંદની એમ. ગંભાવા વિજેતા જાહેર થયા હતા.





૧૩. જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૧૪–૦૮–૨૦૧૯ના રોજ આંતર કોલેજ એક પાત્રીય અભિનય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મુખ્ય મહેમાન તરીકે શ્રીવત્સલ શેઠ, શ્રી જીતેન્દ્ર જી. સાહેબ, શ્રીમિહિર પાઠક હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી ભરતભાઈ ભટ્ટ, શ્રી નૈનાક્ષીબેન વૈદ્ય, શ્રી ધ્વનીલ પારેખ હાજર રહ્યા હતા.

સમારંભની શુભ શરૂઆત મેધા જોષીએ પ્રાર્થનાથી કરી હતી. પ્રિ. ડૉ. કે.એન.ચાવડાએ મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કર્યું હતું. પરિચય પ્રા. એસ.વી.કુલકર્ણીએ કરાવ્યો હતો. આભારવિધિ પ્રા. ડૉ. ઝંખના પરમારે કરી હતી. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. કુલ ૨૩ વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમ જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના ક્રિષ્ના જે. પટેલ, દ્વિતીય ક્રમે જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના દેવાંગ જીકાદરા અને એમ.ટી.બી.આર્ટ્સ કોલેજના ધ્વની ઉપાધ્યાય, તૃતીય ક્રમે સાર્વજનિક કોલેજ ઓફ પરર્ફોમિંગ આર્ટ્સ કોલેજ, સુરતના હર્ષવર્ધન ઝા અને નારણલાલા કોલેજ ઓફ એપ્લાયડ સાયન્સ, નવસારીના ભૂમિ સી. વૈદ્ય વિજેતા જાહેર થયા હતા. રનિંગ શિલ્ડ જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીને મળ્યું હતું.





## એન.એસ.એસ.

૧. જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, પ્રો. વી.બી. શાહ ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેન્ક કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ તથા અમરોલીનો એન.એસ.એસ. વિભાગ, સુરત રકતદાન કેન્દ્ર, ફેમિલિ ફિઝિશ્યન એસોસીએશન–સુરત, ઇન્ડિયન મેડિકલ એસોસીયેશન– સુરત, રીજીયન–૨ ની તમામ લાયન્સ અને લિયો કલબોનાં સંયુકત સહયોગથી પ્રિ. ડૉ. કે.એન.ચાવડાનાં નેતૃત્વ હેઠળ તા. ૨૫–૭–૨૦૧૮નાં રોજ અમરોલી કોલેજ ખાતે શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૯–૨૦ દરમ્યાન પ્રથમ રકતદાન શિબિરનું આયોજન થયું હતું. કાર્યક્રમની શરૂઆત એન.એસ.એસ.ની વિદ્યાર્થિની કુ. દર્શના ટાંક અને માનસી સોલંકી દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આચાર્યશ્રી ડૉ. કે. એન.ચાવડા ,જીવન જ્યોત ટ્રસ્ટનાં મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, ઈ. ચા. પ્રિ. ડૉ. મુકેશ ગોયાણી તથા સ્ટાફ પરિવાર, ડિસ્ટ્રીકટ ૩૨૩૨ એફ–૨ ના ગવર્નરશ્રી લાયન નિપમભાઈ

શેઠ, રીજીયન–રના વડાશ્રી લાયન મોનાબેન દેસાઈ, લાયન્સ કલબ સીટીલાઈટના પ્રમુખશ્રી લાયન હિતેશભાઈ ટેલર, લાયન્સ કલબ ઓફ સુરત રોયલસીટીના પ્રમુખ શ્રી રાજેશભાઈ ચૌધરી, રીજીયન–ર ના તમામ ઝોનના વડાશ્રીઓ, રીજીયન–રની તમામ કલબોના પ્રમુખ અને ટીમ, ફેમિલિ ફિઝિશ્યન એસોસીએશન ડૉ. લક્ષ્મણભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી અશ્વિનભાઈ પટેલ, લાયન મોનાબેન દેસાઈ તેમજ લાયન પ્રિ. ડૉ. દિલીપભાઈ વરસાણીદ્વારા પ્રાસંગિક પ્રવચન આપ્યુ હતું.

આ શિબિરમાં ૧૯૮ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર રકતદાન કર્યુ હતું. સુરત રકતદાન કેન્દ્રનાં મેડિકલ ઓફિસર ડૉ. મુકુંદભાઈ દેસાઈ સાહેબ અને તેમની ટીમે પ્રસંશનીય કામગીરી બજાવી હતી. રકતદાતાઓએ કોલેજ તરફથી સ્મૃતિભેટ આપવામાં આવી હતી.

કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા. ડૉ. રાજેશ ડી. રાણા, પ્રા. વિજય એમ. ચૌધરી, પ્રા. જીતેન્દ્ર બી. ચૌધરી, પ્રા. નેહાબેન ઉપાધ્યાય, ડૉ. મેહુલ શાહ તથા એન.એસ.એસ. સ્વયંસેવક શ્રી જૈવિક રૈયાણી અને તેની ટીમે કર્યુ હતું. આભારવિધિ પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા. ડૉ. રાજેશ ડી. રાણાએ કરી હતી તથા રકતદાન અંગે વિદ્યાર્થીઓને વિસ્તૃતમાહિતી આપી રકતદાનની અપીલ કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમરોલી કોલેજના શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા એન.એસ.એસ.ના સ્વયંસેવકોએ ભારે જહેમત ઉઠાવી હતી.





૨. જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના એન.એસ.એસ.ના સ્વયંસેવકો શુક્રવાર તા. ૧૬–૦૮–૧૯ના રોજ અમરોલી પોલિસ સ્ટેશન ખાતે પોલિસ કર્મચારીઓ સાથે રક્ષાબંધનની ઉજવણી માટે પહોંચ્યા હતા. જેમાં પોલીસ ઈન્સપેકટરશ્રી ડી.એસ.કોરાટ, હેડ કોન્સ્ટેબલશ્રી મનોજભાઈ, હેડ કોન્સ્ટેબલશ્રી હેમંતભાઈના સહયોગથી રક્ષાબંધનના કાર્યક્રમની ઉજવણી થઈ હતી. આ કાર્યક્રમમાં જૈવિકકુમાર અશોકકુમાર રૈયાણી (S.Y.B.Com Div-I), કુ. મેધા પ્રમોદકુમાર અડાજણીયા (S.Y.B.Com Div-4), શ્રી પ્રવિણ પરસોત્તમભાઈ વાયાણી (S.Y.B.Com Div-4), કુ. નિજલ પ્રભાતભાઈ મકવાણા (T.Y.B.Com Div-9), કુ.શિતલ શાંતિભાઈ વરીયા (T.Y.B.Com Div-9) તેમજ એન.એસ.એસ.ના પ્રા. ડાૅ.રાજેશ ડી.રાણા, પ્રા. વિજય એમ. ચૌધરી, પ્રા. જીતેન્દ્ર બી. ચૌધરી, પ્રા. નેહાબેન ઉપાધ્યાય તથા કોલેજના શૈક્ષણિક અને વહીવટી પરિવારે ખૂબ જ સહયોગ આપ્યો હતો.





## સેમીનાર

૧. જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૩૦ જુલાઈ, ૨૦૧૯ના રોજ કોમોડિટી ડેરિવેટિઝ કાર્યક્રમનું આયોજન થયું હતું. જેમાં ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં મુખ્ય વકતા તરીકે MCX Indiaના સીનીયર મેનેજર શ્રી નૈમિશ ત્રિવેદી હાજર રહયા હતા. જેમાં તેમણે કોમોડિટી ડેરિવેટિઝમાં સોદા કેવી રીતે થાય અને તેનું નિયમન કેવી રીતે થાય જેવા વિષય ઉપર વિસ્તૃત વ્યાખ્યાન આપ્યું હતું. આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ ભારતના આર્થિક વિકાસમાં કોમોડિટીના મહત્વ વિષે વાત કરી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. ચિરાગ

સિધ્ધપુરીયાએ કર્યું હતું. મહેમાનોનું સ્વાગત પ્રા. ડૉ. ગિરીશ રાણાએ કર્યું હતું અને આભારવિધિ પ્રા. મેઘા મહેતાએ કરી હતી. કોલેજના સ્ટાફ સભ્યો, શૈક્ષણિક અને વહીવટી સભ્યો મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.






૨. જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ તેમજ એચ.પી.દેસાઈ પ્રાથમિક શાળા અને એસ.પી.બી. હાઈસ્કુલ અમરોલીમાં તા. ૦૧–૦૮–૨૦૧૯ના રોજ સુરક્ષા સેતુ અંતર્ગત મહિલા સશકિતકરણ પખવાડિયાની ઉજવણી અંતર્ગત સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે સુરત જીલ્લા ઝોન–૪ ના ડી.સી.પી. શ્રીમતિ પન્નાબેન મોમાયા અને તેમની ટીમ હાજર રહી હતી. પન્નાબેનએ પોતાના વકત્વયમાં બંધારણના આર્ટીકલ–૧૬ સરકારી નોકરીઓમાં મહિલાઓને સમાન તક, ૩૯–એ મા મહિલાઓ માટે જોગવાઈ, મફત કાનુની સહાય, સમાન વેતન, પ્રસુતિ રજા વગેરે વિષયો ઉપર સમજ આપી હતી. તેમજ ૨૦૦૫ અમલી બનેલ મહિલાઓને વારસાઈ સંપતિમાં સમાન ભાગ તથા ૨૦૧૩માં અમલી બનેલ કામકાજના સ્થળે જાતિય સતામણી જેવા કાયદાઓની પણ ખૂબ જ ઉંડાણપૂર્વક સમજ આપી હતી. સેફાલી દેશમુખ (સન્મીત્ર એજ્યુકેશન ટ્રસ્ટ), હેડ કોન્સ્ટેબલ ગાયત્રી પાટીલ તથા કોન્સ્ટેબલ ભાગ્યશ્રી વાઘેલા ઉપસ્થિત રહયા હતા. જેમણે સ્ત્રી સશકિતકરણ, મહિલા છેડતી, ઘરેલુ હિંસા, જાતિય સતામણી, દહેજ પ્રથા તથા બાળલગ્નો જેવા વિષય ઉપર વિદ્યાર્થિનીઓ સાથે ચર્ચા કરી તેની સુરક્ષા માટે વિવિધ કાનુની કલમો અંગે માહિતી આપી હતી.

જીવન જ્યોત ટ્રસ્ટના મંત્રી શ્રી અશ્વિનભાઈ પટેલે મહેમાનોનું સ્વાગત કર્યું હતું. શાળાના આચાર્ય શ્રીમતિ કલ્પનાબેન દેસાઈએ શાળામાં મહિલાઓ માટેની કમિટી બનાવવાનો નિર્દેશ કર્યો હતો. તેમણે મમતા દિવસ, મહિલા સુરક્ષા અંતર્ગત મહિલા હેલ્પ લાઈન નંબર વગેરે વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. આચાર્ય પ્રિ. ડૉ. કે.એન.ચાવડાએ મહિલાઓ માટે વિવિધ સરકારી યોજનાઓ વિશે માહિતી આપી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. ભુમિકાબેન પઢિયારે કર્યુ. કાર્યક્રમમાં શાળા અને કોલેજના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓના વાલીઓ, શિક્ષકગણ, એન.એસ.એસ. અને એન.સી.સી.ના વિદ્યાર્થીઓ જોડાયા હતા.





૩. જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં આજ રોજ તા. ૦૬–૦૮–૨૦૧૯ના રોજ અબ સમજોતા નહિ અંર્તગત આઈ.ટી.સી. અને જોશ ટોક સંસ્થા દ્વારા મહિલાઓના કાનુની અધિકારો વિષય ઉપર સેમીનારનું આ યોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે શ્રી અવની ભાટીયાએ સરકારી નોકરીઓમાં મહિલાઓને સમાન તક, મફત કાનુની સહાય, સમાન વેતન, પ્રસુતિ રજા વગેરે વિષયો ઉપર સમજ આપી હતી. તેમજ ૨૦૦૫ અમલી બનેલ મહિલાઓને વારસાઈ સંપત્તિમાં સમાન ભાગ તથા ૨૦૧૩ માં અમલી બનેલ કામકાજના સ્થળે જાતિય સતામણી જેવા કાયદાઓની પણ ખૂબ જ ઉંડાણપૂર્વક સમજ આપી હતી. તેમણે સ્ત્રી સશકિતકરણ, મહિલા છેડતી, ઘરેલું હિંસા, જાતિય સતામણી, દહેજ પ્રથા તથા બાળલગ્નો જેવા વિષયો ઉપર વિદ્યાર્થીનીઓ સાથે ચર્ચા કરી તેની સુરક્ષા માટે વિવિધ કાનુની કલમો અને અધિકારો અંગે માહિતી આપી હતી.

કોલેજના આચાર્ય પ્રિ. ડૉ. કે.એન.ચાવડાએ મહિલાઓ માટે વિવિધ સરકારી યોજનાઓ વિશે માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. પ્રિતી શાહએ કર્યું હતું. મહેમાનોનું સ્વાગત પ્રા. મેઘા જોષીએ કર્યુ હતું. કાર્યક્રમમાં કોલેજના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, શિક્ષકગણ જોડાયા હતા.




## ઈનામ વિતરણ

તા. ૬–૦૮–૨૦૧૯ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં શૈક્ષણિક પ્રવૃતિઓના તેજસ્વી, પ્રતિભાશાળી તથા ઉલ્લેખનીય સિધ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થી ભાઈ–બહેનોનો ઈનામ વિતરણ સમારંભમાં જીવન જ્યોત ટ્રસ્ટના ઉપ–પ્રમુખશ્રી ગીરધર ગોપાલ મુંદડા, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ અને ટ્રસ્ટીશ્રી ગૌરાંગભાઈ દેસાઈ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. મુખ્ય મહેમાનશ્રી જીવન જ્યોત ટ્રસ્ટના ઉપ–પ્રમુખથી ગીરધર ગોપાલ મુંદડા અમરોલી કોલેજની તમામ પ્રકારની સિધ્ધીઓ અને સંચાલક મંડળનાં સહયોગની પ્રશંસા કરી હતી.

સમારંભની શુભ શરૂઆત ટી.વાય.બી.કોમ.ની વિદ્યાર્થી કુ. ટાંક દર્શનાએ પ્રાર્થનાથી કરી હતી. પ્રિ. ડૉ. કે.એન.ચાવડાએ કોલેજની વિકાસ ગાથા વર્ણવી, યુનિવર્સિટી પરીક્ષામાં વિદ્યાર્થીઓએ મેળવેલ ઉત્તમ પરિણામ અંગે માહિતી આપી મહેમાનોનું પુષ્પગુચ્છથી અભિવાદન કર્યુ હતું. કાર્યક્રમનાં જીવન જ્યોત ટ્રસ્ટના ઉપ–પ્રમુખથી ગીરધર ગોપાલ મુંદડા, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી અને ટ્રસ્ટીશ્રી ગૌરાંગભાઈ દેસાઈ મહેમાનશ્રીઓના વરદ હસ્તે દીપ પ્રગટાવી ઉદ્‌ઘાટન કરી વિવિધ પ્રવૃત્તિઓમાં સફળતા બદલ કોલેજ પરિવાર અને વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમના મહેમાનોનો આવકાર પ્રિ. ડૉ. કે.એન.ચાવડાએ આપ્યો હતો. પરિચય પ્રા. હેમા ડી. દવેએ કરાવ્યો.

કાર્યક્રમનાં અંત ભાગમાં આર્ટ્સના દરેક વર્ગમાંથી ઉચ્ચ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને નયન રમ્ય ટ્રોફીઓ અને ઈનામો અપાયા હતા. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, વાલીઓ, શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ હાજર રહ્યા હતા. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહપૂર્ણ રહ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રિ. ડૉ. કે.એન.ચાવડાએ તેમજ શિલ્ડ વિતરણ સંચાલન ડૉ. આર.એન.સદરી, શ્રી કે.આર.સોલંકી અને વહીવટી પરિવાર અને ઉદ્‌ઘોષક તરીકેની સેવા પ્રા .હેમા ડી. દવે અને પ્રા. મેઘા જોષીએ તેમજ આભારવિધિ આર.ડી.ઝાએ કરી હતી. ઈનામોની જાહેરાત પ્રા. કનુભાઈ સુતરિયા અને પ્રા. નરેન્દ્ર બારિયાએ કરી હતી.






## તાલીમ વર્ગ

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૧૦–૦૮–૨૦૧૯ના રોજ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ બેન્કિગ ફાયનાન્સ દ્વારા સ્પર્ધાત્મક બેન્કિગ પરીક્ષા તાલીમ વર્ગનું ઉદ્‌ઘાટન કાર્યક્રમનું આયોજન થયું હતું. જેમાં ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે સુરત પીપલ્સ કો.ઓ. બેન્ક, સુરતના ચેરમેનશ્રીઅશિત ગાંધી અને સુરત પીપલ્સ કો.ઓ.બેન્ક, સુરતના જનરલ મેનેજરશ્રી ડૉ. જતીન નાયક, જીવન જ્યોત ટ્રસ્ટના માનદ્ મંત્રી શ્રી અશ્વિનભાઈ પટેલ, ઉપ–પ્રમુખશ્રી ગીરધર ગોપાલ મુંદડા, ટ્રસ્ટીશ્રી ગૌરાંગભાઈ દેસાઈ હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય દ્વારા કરવામાં આવી. પ્રા.ડૉ. ગીરીશ રાણાએ કોર્ષ વિશે માહિતી આપતા જણાવ્યું કે, વિદ્યાર્થીઓને રેગ્યુલર ભણતર સિવાય પ્રેકટીકલ જ્ઞાન મળે અને રોજગાર મળે. આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ

એન. ચાવડાએ કોલેજની વિવિધ પ્રવૃત્તિઓની જાણકારી આપતાં આ કોર્ષની જરૂરીયાત અને ભવિષ્યમાં વિદ્યાર્થીને નોકરી મળે એ ઉદ્દેશથી સંસ્થા અને કોલેજે આ કોર્ષની શરૂઆત કરી છે. આવનારા દિવસોમાં આવા વ્યવસાયલક્ષી કોર્ષો શરૂ કરવામાં આવશે.

સુરત પીપલ્સ કો. ઓ. બેન્ક સુરતના જનરલ મેનેજરશ્રી ડૉ. જતીન નાયકે આ કોર્ષની મહત્તા અને તે માટે જરૂરી કૌશલ્યતા માટે માર્ગદર્શન આપતા ભવિષ્યમાં વિદ્યાર્થીઓને તેનો ફાયદો થશે તેમ જણાવ્યું હતું. સુરત પીપલ્સ કો. ઓ. બેન્ક સુરતના ચેરમેનશ્રી અશિત ગાંધીએ આ કોર્ષના વિદ્યાર્થીઓને શુભેચ્છા આપી આયોજકોને અભિનંદન આપતાં કોલેજને ખૂબ ઉત્સાહિત કરતાં કોર્ષ માટે વિદ્યાર્થીઓને સારી રીતે ભવિષ્યમાં આ કોર્ષનો ઉપયોગ કરવા જણાવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન અને મહેમાનોનું સ્વાગત કોલેજની ત્રીજા વર્ષ બી.કોમની વિદ્યાર્થીનીઓએ કર્યુ હતું અને આભારવિધિ પ્રા. ચિરાગ સિધ્ધપુરીયાએ કરી હતી. અમરોલી કોલેજના સ્ટાફ સભ્યો શૈક્ષણિક અને વહીવટી સભ્યો મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



## તરૂણી સંમેલન

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૧૪-૦૮-૨૦૧૯ના રોજ રાષ્ટ્ર સેવિકા સમિતિ, સુરત મહાનગર દ્વારા અખંડ ભારત સંકલ્પ દિવસ પર "તરૂણી સંમેલન"નું આયોજન થયું હતું. જેમાં ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રિ. ડૉ. કે.એન.ચાવડા, રાષ્ટ્ર સેવિકા સમિતિ, સુરતના અધ્યક્ષશ્રી જિજ્ઞાબેન પટેલ, શ્રીમતી સ્મિતાબેન કદમ, શ્રીમતી સેજલબેન, શ્રીમતી યોગીતાબેન કંસારા, શ્રીમતી કિરણબેન શાહ અને શ્રીમતી અરૂણાબેન પરમાર હાજર રહ્યા હતા. જેમાં મુખ્ય વકતા તરીકે વીરાંગના પ્રમુખ, હિન્દુ જાગરણ સંઘના શ્રીમતી સુનિતીબેન માંગીલાલ કરવાએ અખંડ ભારત વિશે સમજણ આપી હતી, તથા ભારતના ઈતિહાસ વિશે માહિતી આપી હતી. જેમાં વિદ્યાર્થીનીઓને માહિતી આપવામાં આવી કે, આઝાદી પહેલા ભારતની સ્થિતી કેવી હતી તથા ભારતના ઈતિહાસના ભવ્ય વારસા વિશે સમજણ આપી કે ભારતના ઈતિહાસમાં ભારતને અખંડ બનાવવા માટે કેટલા વ્યકિતઓએ કેવા પ્રયત્નો કર્યા હતા. આ માહિતીથી વિદ્યાર્થીનીઓમાં આઝાદી સમયના નાગરિકોએ સહન કરેલી પ્રવૃતિઓથી દેશ પ્રેમની તીવ્રતાનો શબ્દ સુમનથી અહેસાસ કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. ઝંખના પરમારે કર્યુ હતું. મહેમાનોનું સ્વાગત પ્રા. પ્રિતી શાહે કર્યુ હતું. આભારવિધિ પ્રા. મેધા મહેતાએ કરી હતી. કાર્યક્રમમાં કોલેજના મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ, શિક્ષકગણ જોડાયા હતા. તેમજ સમગ્ર કોલેજ પરિવારનું નેતૃત્વ કરનાર પ્રિ. કે.એન.ચાવડા અને શૈક્ષણિક તેમજ વહીવટી પરિવારે કાર્યક્રમ સફળ બનાવવા માટે અગાઉથી સમગ્ર આયોજન કરવામાં આવ્યુ હતું.





## સ્વાતંત્ર્ય પવ

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના કોલેજ કેમ્પસ પર ગુરૂવાર તા. ૧૫-૦૮-૨૦૧૯ના રોજ સવારે ૮:૩૦ કલાકે અમરોલી કોલેજના આચાર્યશ્રી ડૉ. કે. એન.ચાવડાના નેતૃત્વ હેઠળ આદરણીય કેપ્ટન રાકેશ મિશ્રા, પોર્ટ ઓફિસરશ્રી, સુરત પૂર્વ ડી.વાય.એસ.પી. શ્રી એચ.જી.કનેરીયા અને શ્રી ભરતભાઈ શાહ પ્રમુખશ્રી, જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલીના વરદ હસ્તે થયું હતું. આ પ્રસંગે જીવન જ્યોત ટ્રસ્ટના મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, શ્રી અનુજભાઈ શાહ, ટ્રસ્ટીશ્રી કાંતીભાઈ માલવડાવાલા, શ્રી ગૌરાંગભાઈ દેસાઈ, સભ્યશ્રી, ડૉ.મહેન્દ્રકુમાર સોલંકી, શ્રી સ્નેહલભાલ શાહ જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલીની ઉપસ્થિતિમાં ધ્વજવંદન

કરવામાં આવ્યું હતું. શ્રી કેપ્ટન રાકેશ મિશ્રાએ રાષ્ટ્રના વિકાસમાં યુવા શકિતની ભૂમિકા વિશે વાત કરી હતી. પૂર્વ ડી.વાય.એસ.પી. શ્રી એચ.જી.કનેરીયાએ દેશને આઝાદી અપાવનાર વીર સપૂતોને યાદ કર્યા હતા. જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઈ શાહએ વિદ્યાર્થીઓને જળ, વીજળી જેવા સંસાધનોની બચત કરી દેશને આગળ લાવવા હાકલ કરી હતી. તેમણે આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે વધુ પ્રગતિની જરૂર હોવાની વાત કરી હતી.

આ ધ્વજવંદન કાર્યક્રમમાં બી.એ., બી.કોમ., બી.સી.એ., એમ.એ., એમ.કોમ. અને એસ.પી.બી.સ્કુલના આચાર્ય શ્રીમતી કલ્પનાબેન દેસાઈ, બી.સી.એ. કોલેજના વિભાગીય વડાશ્રી જૈમિન શુકલ, અમરોલી તેમજ સમગ્ર સંકુલના શૈક્ષણિક, વહીવટી કર્મચારીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વાલીઓ સહિત વિશાળ સમુદાયમાં વિદ્યાર્થીગણ હાજર રહ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના આચાર્યશ્રી ડૉ. કે.એન.ચાવડાના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રો. ડૉ. આર.ડી. રાણા, પ્રા. નેહાબેન ઉપાધ્યાય, પ્રો. વી.એમ.ચૌધરી તથા શૈક્ષણિક અને વહીવટી કર્મચારીગણે ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમને અંતે આભારવિધિ શાળાના આચાર્ય શ્રીમતી કલ્પનાબેન દેસાઈએ કરી હતી.

આ પ્રસંગે એન.સી.સી. ઓફિસર કેપ્ટન ડૉ. પુનિતા પટેલ અને પરેડ કમાન્ડર કુ. ખ્યાતિ જીવનભાઈ ચાંદેગરા અને કુ. મોનિકા દલસુખભાઈ ડોબરિયાની રાહબરી હેઠળ એન.સી.સી.ની વિદ્યાર્થીઓએ ભવ્ય પરેડ કરી હતી તેમજ કોલેજ તથા શાળા પરિવારે સ્વચ્છતા અભિયાન અંગે શપથ લીધા હતા.





## એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા.

### સ્પર્ધા

૧. એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં ગુજરાત રાજયની સપ્તધારા પ્રવૃત્તિની "રંગકલા કૌશલ્યધારા" હેઠળ "મહેંદી સ્પર્ધા"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. મહેંદી સ્પર્ધામાં પ્રથમ ક્રમે લાડ અનુષ્કા જી., એસ.વાય.બી.કોમ. (અંગ્રેજી માધ્યમ) દ્વિતીય ક્રમે પટેલ યાશિકા ડી., ટી.વાય.બી.કોમ તથા તૃતીય ક્રમે લાડ ઉર્વી એ., ટી.વાય.બી.કોમ. વિજેતા રહયા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. દિપીકાબેન પી.લાડ તથા પ્રા. યોગિનીબેન એચ. મિસ્ત્રીએ સેવા આપી હતી. આ તમામ સ્પર્ધકોને ઈન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન ટી. રાણાએ અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન પ્રા. જિગીષાબેન એચ. પટેલ તેમજ પ્રા. નિશાબેન આર. ચાવડાએ કર્યુ હતું. કોલેજના શૈક્ષણિક તથા બિન–શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓનો સુંદર સહકાર મળ્યો હતો.

૨. એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં ગુજરાત રાજયની સપ્તધારા પ્રવૃત્તિની "ગીતસંગીત અને નૃત્યધારા" હેઠળ વર્ષાગીત સ્પર્ધાનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થઈ હતી. જેમાં હિન્દી તથા ગુજરાતી ફિલ્મી–બિનફિલ્મી ગીતો સ્પર્ધકોએ રજૂ કર્યા હતા. જેમાં વિદ્યાર્થીઓએ વરસાદને આવકારતા વિવિધ ગીતોની સુંદર રજૂઆત કરી હતી. જેમાં પ્રથમ ક્રમે પાંચાલ રિધ્ધિ એસ., ટી.વાય.બી.કોમ, દ્વિતીય ક્રમે ગુજરીયા રીકુકૌર પી., ટી.વાય.બી.કોમ અને તૃતીય ક્રમે પટેલ યાશિકા ડી., ટી.વાય.બી.કોમ. રહયા હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. નરેન્દ્રભાઈ બી. સોલંકી અને પ્રા. દિપીકાબેન પી. લાડે સેવા આપી હતી. કોલેજના ઈન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન ટી. રાણાએ વિજેતા તેમજ તમામ સ્પર્ધકોને અભિનંદન પાઠવી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. પ્રા. નિશાબેન ચાવડાએ કાર્યક્રમના સંચાલનનો દોર સંભાળ્યો હતો. કાર્યક્રમ દરમ્યાન કોલેજના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓનો સુંદર સરકાર મળ્યો હતો.

### એન.એસ.એસ.

૧. એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં એન.એસ.એસ.ના ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોલેજ કેમ્પસમાં કોલેજના ઈન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન ટી. રાણા, પ્રોગ્રામ ઓફિસર પ્રા. ચિરાગભાઈ એમ. ગુલાની, પ્રા. એસ.એસ.વસાવા અને વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ કર્યુ હતું. વૈશ્વિક તાપમાનની

સમસ્યાના યુગમાં વાતાવરણમાં આવેલો બદલાવ માનવ સમાજ માટે પડકાર બની ઉભો છે, ત્યારે આપણે સૌએ પર્યાવરણના જતન માટે આગળ આવવું પડશે, તો જ આપણે પડકારને પહોંચી વળીશું. આમ, વૃક્ષો પ્રત્યે લાગણી વધે અને પર્યાવરણ જાળવણી માટે જાગૃત થઈ વૃક્ષોનું વાવેતર કરી તેનું જતન કરવું જરૂરી છે.

કોલેજના એન.સી.સી. કેડેટસ દ્વારા દેવધા ડેમની આજુબાજુના વિસ્તારમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એન.સી.સી. ઓફિસર પ્રા. સોનલબેન એસ. વસાવા, નાઈન નેવલ યુનિટ નવસારીના પી.ઓ.યોગેન્દ્ર સર અને પી.ઓ.સુશીલકુમાર ઉપસ્થિત રહયા હતા.

૨. એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં એન.એસ.એસ. અને ગુજરાત રાજયની સપ્તધારા પ્રવૃત્તિની " સર્જનાત્મક અભિવ્યકિતધારા" હેઠળ જળસંચય વિષય પર સેમિનાર અને પોસ્ટર મેકિંગ સ્પર્ધા તથા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં પ્રથમ ક્રમે ભાનુશાલી ઉર્વશી ડી., ટી.વાય.બી.કોમ. (અંગ્રેજી માધ્યમ), દ્વિતીય ક્રમે પટેલ તોરલ એમ., ટી.વાય.બી.કોમ. (અંગ્રેજી માધ્યમ) તથા તૃતીય ક્રમે પ્રજાપતિ કોમલ આર., એફ.વાય.બી.કોમ (અંગ્રેજી માધ્યમ) વિજેતા રહયા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા.યોગેશભાઈ જે. દેસાઈ અને પ્રા. સોનલબેન એસ. વસાવાએ સેવા આપી હતી. તેમજ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સ્પર્ધામાં પ્રથમ ક્રમે રાજપુરોહિત પ્રિયંકા બી., ટી.વાય.બી.કોમ (અંગ્રેજી માધ્યમ), દ્વિતીય ક્રમે દિપેન્દ્ર પી.કે. (ટી.વાય.બીકોમ.) તથા તૃતીય ક્રમે હિંગોરા મોહમ્મ્દ અહેસાન આઈ., ટી.વાય.બી.કોમ (અંગ્રેજી માધ્યમ) વિજેતા રહયા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. ચિરાગ એમ. ગુલાની તથા પ્રા. પાર્થભાઈ કે. ઠકકરે સેવા આપી હતી. ઈન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન ટી. રાણાએ સ્પર્ધકોને માર્ગદર્શન અને અભિનંદન પાઠવ્યા હતા. સ્પર્ધાના સંચાલનનો દોર પ્રા. યોગીનીબેન એચ. મિસ્ત્રીએ સંભાળ્યો હતો. કોલેજના શૈક્ષણિક તથા બિન–શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓનો સુંદર સહકાર મળ્યો હતો.

## વ્યાખ્યાન

૧. એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં ગુજરાત સરકાર અને કે.સી.જી પ્રેરિત ઉદ્દિશા કલબના ઉપક્રમે એમ્પ્લોયમેન્ટ એકસચેઈન્જ સુરતના ઓફિસરશ્રી ગોપાલશરણ, શ્રી જગદીશપ્રસાદ યાદવ તથા શ્રી પ્રશાંતભાઈ પટેલ દ્વારા કોલેજના એસ.ટી. (અનુસૂચિત જનજાતિ)ના વિદ્યાર્થીઓ માટે નિ:શુલ્ક CHM "O" Level (Computer Hardware Maintenance) Course અંગે માહિતી માર્ગદર્શન આપ્યું હતું. તેમજ બેંક, સ્ટાફ સીલેકશન કમિશન તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ વિશે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના ઈન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન ટી. રાણાએ મહેમાનોને પુષ્પગુચ્છથી આવકાર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ પ્રા. યોગેશભાઈ જે. દેસાઈએ કરી હતી. કાર્યક્રમ દરમ્યાન કોલેજના શૈક્ષણિક, બિનશૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓનો સુંદર સહકાર મળ્યો હતો.

૨. એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં સામુદાયિક સેવાધારા અને મહિલા સમિતિના સંયુકત ઉપક્રમે વિદ્યાર્થીનીઓ માટે ત્રિદિવસીય સેલ્ફ ડિફેન્સ ટ્રેનિંગ વર્કશોપ કાર્યક્રમ યોજાયો હતો. બીલીમોરાના "સાવજ ટેકવોન્ટો એકેડમીના" પ્રમુખ માસ્ટર પરેશભાઈ પટેલ તથા સહાયક રાજભાઈ પટેલ તજજ્ઞ તરીકે ઉપસ્થિત રહયા હતા. તેમણે વિદ્યાર્થીનીઓને કોઈ પણ શસ્ત્ર વિના વધુ બળ વાપર્યા વિના હુમલાખોરોથી કેવી રીતે બચી શકાય તેના માટે અલગ અલગ ટેકનિકનું પ્રત્યક્ષ નિર્દેશન કર્યુ હતું. વિદ્યાર્થીનીઓએ ટેકનિકને લગતા પ્રશ્નો પૂછીને અને ટેકનિકની પ્રેકટીસ કરીને ઉમળકાભેર પ્રતિભાવ આપ્યો હતો. કોલેજના ઈન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન ટી.રાણાએ મહેમાનશ્રીઓને પુષ્પ અને શબ્દોથી આવકાર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ફિઝિકલ ઈન્સ્ટ્રકટર પ્રા. સોનલબેન વસાવાએ કર્યું હતું. કાર્યક્રમ દરમ્યાન કોલેજના શૈક્ષણિક તથા બિન–શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓનો સુંદર સહકાર મળ્યો હતો.

૩. એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા ખાતે સરકારશ્રીની ગુજરાત રાજય સપ્તધારા અંતર્ગત જ્ઞાનધારા અને ડિબેટ કમિટિના ઉપક્રમે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે માહિતી માર્ગદર્શન વ્યાખ્યાનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નવસારીના કેરીયર એઈમ સંસ્થાના ડિરેકટરશ્રી પીન્કેશભાઈ ગાંધીએ તજજ્ઞ તરીકે વિદ્યાર્થીઓને GPSC, Banking, તેમજ MBA વગેરેની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા અંગે કિંમતી માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના પ્રા. યોગેશભાઈ જે. દેસાઈએ મહેમાનશ્રીને આવકાર્યા હતા. અંતમાં જ્ઞાનધારા અને ડિબેટ કમિટિના કન્વીનર પ્રા. ચિરાગ એમ.ગુલાનીએ આધારવિધિ કરી હતી.

## પુસ્તક વાર્તાલાપ

એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાના ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે મને ગમતું પુસ્તક વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. પુસ્તકનો સંગ એટલા માટે શ્રેષ્ઠ છે કે માણસના એકાંતનો એક માત્ર એ ઈષ્ટમિત્ર છે. મન અને ચિત્તને સતેજ કરી ચેતન પૂરું પાડે છે. વાંચન માનવીના સમગ્ર જીવનમાં પ્રેરણા, પ્રસન્નતા અને પ્રોત્સાહન પૂરાં પાડે છે. ભારતીય સંસ્કૃતિ અનુસાર પ્રાર્થનાથી શરૂ થયેલા આ

કાર્યક્રમમાં ૭ વિદ્યાર્થીઓ અને એક અધ્યાપિકાએ ગુજરાતી સાહિત્યના જુદા જુદા લેખકોના જુદા જુદા પુસ્તકો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. કોલેજના ઈન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન ટી. રાણાના માર્ગદર્શન હેઠળ થયેલ આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કોલેજના અધ્યાપકોએ કાર્યક્રમમાં હાજરી આપી વિદ્યાર્થીઓમાં વાંચનની અભિરૂચિ કેળવાય તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. વાર્તાલાપનું સંચાલન અને આભારવિધિ ગ્રંથપાલશ્રી આર. એમ. પટેલે કરી હતી.

### કારગીલ વિજય દિવસ

એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં તા. ૨૬–૭–૨૦૧૯ના રોજ કારગીલ વિજયના ૨૦ વર્ષના સમાપન નિમિત્તે ઈન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન ટી. રાણાના માર્ગદર્શન હેઠળ કારગીલ વિજય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત કોલેજના એન.સી.સી. કેડેટસ અને અન્ય વિદ્યાર્થીઓને કારગીલ વિજયના વિડિયો ફિલ્મ દર્શાવવામાં આવી હતી. કોલેજના પ્રા. યોગેશભાઈ જે. દેસાઈએ પ્રાસંગિક પ્રવચન કર્યુ હતું. આ કાર્યક્રમમાં કોલેજના સૌ સ્ટાફ સભ્યો ઉપસ્થિત રહયા હતા. અંતમાં એન.સી.સી. ઓફિસર પ્રા. સોનલબેન એસ. વસાવાએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમ દરમ્યાન કોલેજના શૈક્ષણિક તથા બિન–શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓનો સુંદર સહકાર મળ્યો હતો.

## બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા.

### ઉજવણી અને સ્પર્ધા

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલયમાં તા. ૨૯–૮–૨૦૧૯ના રોજ માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા ઉદ્દ્ઘાટિત ફીટ ઈન્ડિયા મુવમેન્ટની અર્થપૂર્ણ અને શ્રદ્ધાભેર ઉજવણી કરવામાં આવી હતી. સંસ્થાના આચાર્ય ડૉ. કિશોરભાઈ નાયકે પ્રશિક્ષણાર્થીઓ સમક્ષ આ મુવમેન્ટની અગત્યતા સ્પષ્ટ કરતાં કહ્યુ હતું કે સમાજને સ્વસ્થ રાખવામાં ભાવિ શિક્ષકની ભૂમિકા નિર્ણાયક જ હોય. ત્યારબાદ આ મુવમેન્ટ અંગે માનનીય પ્રધાનમંત્રી દ્વારા આપવામાં આવેલું પ્રેરક પ્રવચન નિહાળીને પ્રશિક્ષણાર્થી અને પ્રાધ્યાપકો પોતાના તેમજ સમાજના સ્વાસ્થ્ય માટે કટીબદ્ધ બન્યા હતાં. સંસ્થાના આચાર્ય ડૉ. કિશોરભાઈ નાયકે ઉપસ્થિત સૌ પાસે રોજ ૧૦૦૦૦ કદમ ચાલવાના અને જીવનમાં રમત અને રમતવીરોને મહત્વ આપવાના શપથ લેવડાવ્યા હતા. તા. ૩૦–૮–૨૦૧૯ના રોજ સંસ્થામાં સપ્તધારા પૈકીની સર્જનાત્મક ધારા અંતર્ગત બર્થ ડે કાર્ડ મેકિંગ સ્પર્ધા યોજાઈ હતી. સંસ્થાની આગવી પરંપરા પ્રમાણે સંસ્થાના કોઈપણ વ્યકિતના જન્મદિવસની ઉજવણી પ્રશિક્ષણાર્થી દ્વારા બનાવેલ કાર્ડ આપીને થાય જેથી પ્રશિક્ષણાર્થીઓ સર્જનાત્મકતાના પાઠની સાથે સાથે કાર્ડ દ્વારા લાગણીની અભિવ્યકિત કરતાં શીખે. આ પ્રેરક પ્રવૃત્તિમાં તમામ શિક્ષણાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ડૉ. ગાયત્રીબેન પટેલનાં માર્ગદર્શન હેઠળ થયેલ આ પ્રવૃત્તિમાં ડૉ. નમ્રતાબેન, ડૉ. શીતલબેન અને ડૉ. ફાલ્ગુનીબેને નિર્ણાયક તરીકે ભૂમિકા ભજવી હતી.



### મહિલા સશકિતકરણ

૧. બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલયમાં ૧લી ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ સુધી સરકારના નિર્દેશ અનુસાર મહિલા સશકિતકરણ પખવાડિયાની ઉજવણીનો અર્થપૂર્ણ પ્રારંભ થયો. મહિલા જાગૃતિ અને સશકિતકરણ પખવાડિયાની ઉજવણી શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલયમાં ૧લી ઓગસ્ટથી ચાલુ થઈ. પ્રથમ દિવસે પ્રશિક્ષણાર્થીઓ માટે સ્લોગન સ્પર્ધાનું આયોજન થયેલ હતું. બીજા દિવસે 'બેટી બચાવો બેટી પઢાઓ' વિષય પર પોસ્ટર મેકિંગ સ્પર્ધા યોજાઈ હતી. ત્રીજા દિવસે 'મહિલા સ્વાવલંબન' પર કોલેજના પ્રા. ડૉ. શીતલબેન વસાવાએ વ્યાખ્યાન આપ્યુ હતું. ચોથા દિવસે પ્રશિક્ષણાર્થીઓ દ્વારા 'વિશ્વની પ્રભાવશાળી મહિલાઓ' વિષય પર વકતવ્ય આપવામાં આવ્યા હતા. ચારેય દિવસની અર્થપૂર્ણ ઊજવણીમાં પ્રશિક્ષણાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. પ્રિ. કિશોરભાઈ નાયકના માર્ગદર્શન અને માવજતને કારણે આ પખવાડિયાની ઊજવણી સાચે જ અર્થપૂર્ણ અને સંતોષપ્રદ બની રહી છે.



૨. બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલયમાં મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત તા. ૧૪–૮–૨૦૧૯ બુધવારના રોજ શ્રી તુષારભાઈ વશીનું પ્રવચન ગોઠવાયું હતું. આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈ નાયકે મહેમાનોના સ્વાગત અને પરિચય બાદ આ પ્રવચન પાછળનો હેતુ સ્પષ્ટ કરતાં કહ્યું હતું કે, મહિલાઓ સાચા અર્થમાં સશક્ત થાય તે માટે કાયદાઓની જાણકારી જરૂરી છે, ભાવિ શિક્ષકો જો જાગ્રત થાય તો આદર્શ સમાજનું નિર્માણ શક્ય છે. શ્રી તુષારભાઈ વશીએ પોતાના વક્તવ્યમાં મહિલાઓ સંદર્ભિત કાયદાઓ, ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટ, દહેજ અંગેના કાયદાઓ, લિંગ પરીક્ષણ અંગેના કાયદા વગેરે વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. સાથે ઉપસ્થિત ગણદેવી કાનૂની સેવા સમિતિના સભ્ય અને સંદેશ સમાચારપત્રના પત્રકાર શ્રી નયનભાઈ ત્રિવેદીએ પણ હેન્ડઆઉટના માધ્યમ દ્વારા મહિલાઓને અપાતી કાનૂની સેવા કેવી રીતે અને ક્યાંથી લઈ શકાય તેની સુંદર માહિતી આપી હતી. આમકાર્યક્રમ સાચા અર્થમાં અર્થપૂર્ણ બની રહ્યો હતો. કાર્યક્રમની આભારવિધિ કોલેજના પ્રાધ્યાપક ડૉ. કલ્પેશભાઈ ટંડેલે કરી હતી.



**વૃક્ષારોપણ**

તા. ૯–૮–૨૦૧૯ના દિને સપ્તધાર અંતર્ગત સામુદાયિક સેવાધારા પ્રવૃત્તિ હેઠળ પ્રશિક્ષણાર્થીઓ દ્વારા પ્રકૃતિના ખોળે સોલધરા ગામના તળાવ કિનારે રમણીય વાતાવરણમાં ઉમળકાભેર વૃક્ષારોપણની ઉજવણી કરી હતી. સંસ્થાના સુકાની ડૉ. કિશોરભાઈ નાયકે 'સહ્યાદ્રિ' મધમાખી ઉછેર કેન્દ્રના શ્રી અશોકભાઈ પટેલ અને એમના ધર્મપત્ની અસ્મિતાબેનનો પરિચય કરાવ્યો હતો. પર્યાવરણ પ્રહરી યજમાનશ્રી અશોકભાઈ અને ગામના યુવાનોએ મધમાખી ઉછેરકેન્દ્ર, સ્નેક શો તેમજ શ્રીરંગ શિક્ષણ પરિવારે તળાવની પ્રદક્ષિણા કરતાં કરતાં ઔષધિય વનસ્પતિઓનો પરિચય પામ્યા બાદ ભૂલાઈ ગયેલા બળદગાડા, ઘરઘંટી, દોણી–વલોણુંનું દર્શન અને ત્યારબાદ નૌકાવિહારનો આનંદ માણ્યો. ત્યારબાદ યજમાનશ્રી અશોકભાઈએ મધમાખી ઉછેર પરિચય, ઔષધિય વનસ્પતિ પરિચય કરાવ્યા તેમજ બોનસાઈ વિશે માર્ગદર્શન આપ્યું સાથે જ સૌ તાલીમાર્થીઓએ જંપીંગ, દોરડા ચઢાણ, ટ્રી હાઉસમાં ભોજન માણ્યું હતું. સંસ્થાના આચાર્ય ડૉ. કિશોરભાઈ અને અન્ય પ્રાધ્યાપકો પણ સમગ્ર કાર્યક્રમમાં ઉત્સાહભેર જોડાયા હતા. પ્રકૃતિપ્રેમી અશોકભાઈએ સંસ્થાને વૃક્ષારોપણનું આમંત્રણ આપી તાલીમાર્થીઓને પર્યાવરણ સંરક્ષણના શ્રેષ્ઠ અનુભવો પુરા પાડયા હતા. બી.એડ્. વર્ષને યાદગાર બનાવવા સૌ તાલીમાર્થીઓએ એક એક છોડ લઈ જઈ તેને ઘરે ઉછેરવાનો સંકલ્પ કર્યો હતો. જે નવી સીમાચિહ્નરૂપ પરંપરા કહી શકાય. સૌએ આ કાર્યક્રમમાં સહભાગી બની પર્યાવરણ સંરક્ષણ અને પર્યાવરણ વૈવિધ્ય અંગે મળેલ પ્રત્યક્ષ નિર્દેશન અને રસપ્રદ અનુભવોને જીંદગીના યાદગાર સંભારણા સમા ગણાવી આ કાર્યક્રમને મન ભરી માણ્યો હતો.



## સી. એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, વ્યારા.

**નમો ઈ–ટેબલેટ વિતરણ કાર્યક્રમ**

સી. એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર વ્યારા દ્વારા તા. ૭–૮–૨૦૧૯ના રોજ પ્રથમ વર્ષ બી.એચ.એમ.એસ.ના વિદ્યાર્થીઓ માટે નમો ઈ–ટેબલેટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગ તરફથી યુનિવર્સિટીની કોલેજમાં પ્રથમવર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને "નમો ઈ–ટેબલેટ" આપવાની યોજના અંતર્ગત સી.એન.કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર વ્યારા એ પ્રથમ હોમિયોપેથીક કોલેજ છે કે જેના દ્વારા આ યોજનાનો લાભ લેવામાં આવ્યો. આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત એવા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના હોમિયોપેથીક ફેકલ્ટીના ડીન ડૉ. વિપુલ શાસ્ત્રીનું શાબ્દીક તેમજ પુષ્પગુચ્છથી કોલેજના આચાર્યા ડૉ. જ્યોતિ રાવ દ્વારા અભિવાદન કરાયા બાદ દીપ પ્રજ્વલિત કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. હોમિયોપેથીક ફેકલ્ટીના ડીન ડૉ. વિપુલ શાસ્ત્રી તેમજ આચાર્યા ડૉ. જ્યોતિ રાવ તેમજ સિનિયર અધ્યાપકો તેમજ ઓફીસ સુપ્રિટેન્ડેન્ટ શ્રી દક્ષેશભાઈ શાહ દ્વારા ટેબલેટ વિતરણ કાર્યક્રમ કરવામાં આવ્યો તેમજ ડૉ. વિપુલ શાસ્ત્રી દ્વારા પાઠયપુસ્તક તેમજ આધુનિક ઉપકરણના

સમન્વયથી શિક્ષણને નવા આયામ આપવાનું જણાવાયું. અંતે સાંસ્કૃતિક સમિતિ દ્વારા આભાર વિધિ તેમજ રાષ્ટ્રગીત દ્વારા કાર્યક્રમનું સમાપન કરાયું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સાંસ્કૃતિક સમિતિના ઈન્ચાર્જ ડૉ. હીમા પંડયા તથા તેમની ટીમ દ્વારા આચાર્યા ડૉ. જ્યોતિ રાવના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું.



## સ્વાતંત્ર્ય પર્વ

સી. એન. કોઠારી હોમિયોપેથી મેડીકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારામાં તા. ૧૫–૦૮–૨૦૧૯ના રોજ ૭૩માં સ્વાતંત્ર્ય દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં ધ્વજારોહણ માટે ડૉ. ભાવિનભાઈ મોદીને આમંત્રણ પાઠવવામાં આવ્યું. ધ્વજને સલામી તથા રાષ્ટ્રગીત તેમજ રાષ્ટ્રગાન બાદ કોલેજના ટ્રસ્ટીગણ વતી શ્રી દિનેશભાઈ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી ત્યારબાદ ડૉ. ભાવિનભાઈ મોદી દ્વારા આજના આઝાદીપર્વની ઉજવણીને અનુરૂપ સુંદર વકતવ્ય આપ્યું જેમાં હાજર દરેકને દેશના અત્યારના ખુબ વિકટ પ્રશ્ન એવા 'પાણી' અંગે 'પાણી બચાવો' પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી, ત્યારબાદ સમુહગાન બાદ સૌ મિઠાઈ લઈ છૂટા પડયા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સાંસ્કૃતિક સમિતિ દ્વારા કરવામાં આવ્યું.



## ઉજવણી

તા. ૨૩–૦૮–૨૦૧૯ના રોજ સી. એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારા દ્વારા જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી. જન્માષ્ટમીની ઉજવણી વિદ્યાર્થિની અને વિદ્યાર્થીઓએ 'મટકીફોડ' કાર્યક્રમમાં ભાગ લઈને કર્યો તથા કૃષ્ણનાદથી આખું વાતાવરણ રમણીય તેમજ ભાવનાભર્યું થઈ ગયું હતું. આરતી તથા 'નંદ ઘેર આનંદ ભયો' થી સમગ્ર વાતાવરણ કૃષ્ણમય બન્યું.

સમગ્ર કાર્યક્રમમાં તમામ સ્ટાફ મેમ્બર્સ તથા વિદ્યાર્થીઓ હર્ષભેર હાજર રહી વાતાવરણને ખુશમય બનાવી દીધું. મટકીફોડ બાદ સૌ પ્રસાદ લઈ છૂટા પડયા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સાંસ્કૃતિક સમિતિ દ્વારા આચાર્યા ડૉ. જ્યોતિ રાવના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયું.






## નવયુગ સાયન્સ કોલેજ, સુરત.

### NIT-Rourkelaમાં પ્રવેશ



નવયુગ સાયન્સ કોલેજ, સુરતના T.Y.B.Sc. માં અભ્યાસ કરતા પાંચ વિદ્યાર્થીઓએ I.I.T. દ્વારા આયોજીત JAM પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરી છે. આ પ્રસંગે પાંચે વિદ્યાર્થીઓ શ્રી જયેશ જૈન, શ્રી વલ્લભદાસ હિરપરા, શ્રી આકાશ ચોથાણી, શ્રી શશાંક રાય અને શ્રી મનિષ માજીનું વિશષે સન્માન સહુ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. આ સમારોહમાં પાંચે સફળ વિદ્યાર્થીઓએ સફળતા પ્રાપ્ત કરવા માટેની મહેનત અને તેની દિશા કેવી હોવી જોઈએ તે અંગેની વિસ્તૃત સમજણ આપી. આચાર્ય શ્રી ડૉ. અશ્વિનભાઈ પટેલ દ્વારા થયેલ પ્રેરક ઉદબોધનમાં સહુ વિદ્યાર્થીઓએ યોગ્ય દિશામાં સખત મહેનત કરવાની હાકલ કરી રાષ્ટ્રગીતનાં ગાન સાથે કાર્યક્રમનું સમાપન થયું.

## શ્રી એસ.આર.પટેલ બી.એડ્. કોલેજ, અણીતા (કીમ).

### સ્પર્ધા

૧. વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી એસ.આર.પટેલ બી.એડ્. કોલેજ, અણીતા (કીમ)માં તા. ૧૪–૦૮–૨૦૧૯ના રોજ દેશભકિત ગીત સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમ વારલી શીતલ જે., દ્વિતીય ક્રમ પટેલ રક્ષતિ આઈ. અને તૃતીય ક્રમ મકવાણા કૃતાર્થ એમ. એ પ્રાપ્ત કર્યો હતો. ટ્રસ્ટીશ્રી જયંતિભાઈ એસ.પટેલ તેમજ આચાર્યા શ્રી ડાં. પત્રલેખાબેન એ. બારડે તાલીમાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. ચૌધરી સુનિલભાઈ અને પ્રા. વાઘેલા કૌશિકાબેન એમ.એ સેવા આપી હતી.

૨. વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી એસ.આર.પટેલ બી.એડ્. કોલેજ, અણીતા (કીમ)માં તા. ૧૪–૦૮–૨૦૧૯ના રોજ રાખડી મેકિંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમ પટેલ પ્રિયા પી., દ્વિતીય ક્રમ પટેલ રક્ષતિ આઈ. અને તૃતીય ક્રમ પવાર નિકિતા વી.એ પ્રાપ્ત કર્યો. ચેરમેન શ્રી જયંતિભાઈ પટેલ તેમજ આચાર્યા શ્રી ડાં. પત્રલેખાબેન બારડે દ્વારા તાલીમાર્થીઓને શુભેચ્છા પાઠવવા આવી હતી. સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. અરવિંદભાઈ ટાંક અને પ્રા. પ્રશાંતકુમારસિંહએ સેવા આપી હતી.

### વ્યાખ્યાન

વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી એસ.આર.પટેલ બી.એડ્ કોલેજમાં તા. ૨૬–૦૮–૨૦૧૯ના રોજ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા 'શ્રી હરિકૃષ્ણ શાસ્ત્રીજી' હતા. બી.એડ્.ના આચાર્યા ડૉ. પત્રલેખાબેન બારડે શાસ્ત્રીજીનો પરિચય આપ્યા હતો. તેઓએ 'પાવર ઓફ સિલેકશન' વિષય પર પોતાનું વકતવ્ય રજૂ કર્યુ હતું અને તાલીમાર્થીઓને 'મૂલ્ય શિક્ષણ'નું મહત્વ સમજાવ્યું હતું. આભારવિધિ પ્રા. જીતેન્દ્રભાઈ ભીમડાએ કરી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. જયશ્રીબેન રાવલએ કર્યુ હતું.

## ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન, ભરથાણા–વેસુ, સુરત.

### સ્પર્ધા

૧. ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકશનમાં રાખીમેકીગ સ્પર્ધા યોજવામાં આવી. જેમાં તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. જેમાં પ્રથમ ક્રમ ચોવટીયા નિરાલી, દ્વિતીય ક્રમ મિરજકર રાગિણી અને રાઠોડ મનિષા, તૃતીય ક્રમ ગુપ્તા પ્રિતી અને સોનવણે કૃતિકાને આપવામાં આવ્યો. નિર્ણાયક તરીકે પ્રા. ડૉ. હેતલબેન પટેલ અને પ્રા. એલીશાબેન સરકારીએ ફરજ બજાવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા. યોગિતાબેન ટંડેલ અને પ્રા. દિપ્તીબેન માસેકરે કર્યુ હતું.

૨. ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશનમાં દેશભકિતગિત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. ઈ.ચા.આચાર્ય ડૉ. નયનાબેન ચૌહાણે આશીર્વચનો આપ્યા. સોલો ગીતમાં પ્રથમક્રમે પરમાર કોમલ, દ્વિતીય ક્રમે સુરતી આકાશ, તૃતીય ક્રમે ચૌધરી પ્રિયંકાત અને રીની એન્ડ ગૃપ વિજેતા બન્યા હતા. સમુહગીતમાં પ્રથમ ક્રમ અકુલાષ એન્ડ ગ્રુપ, દ્વિતીય ક્રમ સુશીલા એન્ડ ગ્રુપ, તૃતીય ક્રમ વિભુતી એન્ડ ગ્રુપ વિજેતા બન્યા હતા. નિર્ણાયક તરીકે પ્રા. હેમંતભાઈ પટેલ અને પ્રા. યોગીતાબેન ટંડેલે ભૂમિકા ભજવી હતી. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થીની ગુપ્તા પ્રિતી અને આભારવિધી સૂરજ ખેરંનારે કરી હતી. કાર્યક્રમનું આયોજન પ્રા. હિતેશભાઈ ગરવાલ અને પ્રા.અનિલભાઈ પાલે કર્યુ હતુ.

### કવિ નર્મદ જયંતી: ઉજવણી

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશનમાં કવિ વીર નર્મદની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગ્ટ્ય અને પ્રાર્થના દ્વારા થઈ. તાલીમાર્થીઓ દ્વારા વીર નર્મદ વિશે વકતવ્યો, કાવ્યપઠન અને ગીતની રજૂઆત થઈ. ડૉ. કે.વી.દેસાઈએ આર્શીવચન પાઠવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થીની બડેલિયા કૌશિક અને ભરૂચિ જલ્પાબેન તથા આભારવિધી મિસ્ત્રી વિભૂતી દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા. ડૉ. હેતલબેન પટેલ અને પ્રા. નીતાબેન મોહિતે કર્યુ હતું.

### પીએચ. ડી.



ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશન વેસુ, ભરથાણા, સુરતના આસિ. પ્રોફે. ભાવિના રમેશચંદ્ર દેસાઈએ "ગુજરાત રાજયના શિક્ષણ મહાવિદ્યાલયોના અધ્યાપકોના મૂલ્યલક્ષી વર્તન–વ્યવહારોનો અભ્યાસ "વિષય પર તૈયાર કરેલ મહાશોધ નિબંધને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતએ માન્ય રાખી પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. આ સંશોધનકાર્ય તેમણે પૂર્વ એસોસિએટ પ્રોફેસર ડૉ. શ્રીરાયસિંગભાઈ બી. ચૌધરી શિક્ષણ વિભાગ, સુરતના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યુ હતું.

### શિક્ષકદિન

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશન, ભરથાણામાં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત દિપ–પ્રાગટય, શ્લોક અને પ્રાર્થના દ્વારા થઈ. ત્યારબાદ અધ્યાપકોનું અને અધ્યાપક બનેલ તાલીમાર્થીઓનું સ્વ–નિર્મિત શુભેચ્છા પત્ર દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. તાલીમાર્થીઓ દ્વારા શિક્ષકદિન નિમિત્તે વકતવ્યો, ગીત, નાટક, અને ભજનો જેવી કૃતિઓ રજુ કરવામાં આવી. ડૉ. કે.વી.દેસાઈ અને ઈ.ચા. આચાર્યા ડૉ. નયનાબેન ચૌહાણે આશીર્વચન પાઠવ્યા હતા. ઉદ્‌ઘાટન સમારંભ બાદ તાલીમાર્થીઓએ સ્વયં સતત શિક્ષણકાર્ય કર્યુ હતું અને આચાર્ય તરીકે કમલેશ વર્માએ ફરજ બજાવી હતી. આ કાર્યક્રમનું આયોજન પ્રા. ડૉ. હેતલબેન પટેલ તથા પ્રા. નીતાબેન મોહિત દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થીની મુલતાની આબિદ એન પટેલ કાકડીયા રિદ્ધિ અને અભારવિધિ ભરૂચી જલ્પાએ કરી હતી.

કોક દિન ઈદ અને કોક દિન રોજા
ઊછળે ને પડે નીચે જિંદગીના મોજાં.
કાંઈ અફસોસ નહીં કાંઈ નહી ફિકર,
કોઈ ચીજ તણી નહીં જિંદગીમાં જિકર,
આવે તે જાય એના વેઠવા શા બોજા ?
કોક દિન ઈદ અને કોક દિન રોજા.

– મકરન્દ દવે

### 'દક્ષિણાયન': સરનામું

ડૉ. બી.જે.અંકુયા
તંત્રી, દક્ષિણાયન
યુનિવર્સિટી ગ્રંથાલય
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
ઉધના–મગદલ્લા રોડ,
સુરત–૩૯૫૦૦૭

E-mail:
dakshinayanlibrary.vnsgu@gmail.com

**Chief Editor: Dr.K.C.Poria**
Professor and Head
Department of Physics
Veer Narmad South Gujarat University
Surat.

**Editor: Dr.B.J.Ankuya**
Assistant Librarian
Veer Narmad South Gujarat University
Surat.

**Published by: Dr. Hirneshkumar S. Bhavsar**
Registrar
Veer Narmad South Gujarat University
Surat.

**Type and Setting by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant
Veer Narmad South Gujarat University
Surat.

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgulibrary.org.

**E-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com**